શ્રી બુદ્ધિવૃદ્ધિકર્પૂર ગ્રંથમાળા-મણકો ૩૧ મો.

પૂર્વધર શ્રી ઉમાસ્વાતિ વાચકવિરચિત

# શ્રી જંબૂદ્વીપ સમાસ

## ભાષાંતર

## પૂજા પ્રકરણ ભાષાંતર સહિત

યતિશિક્ષા પંચાશિકા :: ચારિત્રમનોરથમાળા

અર્થ સહિત

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

પૂર્વધર શ્રી ઉમાસ્વાતિ વાચકવિરચિત

# શ્રી જંબૂદ્વીપ સમાસ

## પૂજા પ્રકરણ વગેરે

અર્થ સહિત

તથા

## યતિશિક્ષાપંચાશિકા અને ચારિત્રમનોરથમાળા

અર્થ સહિત

તૈયાર કરનાર

શા. કુંવરજી આણંદજી

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

વીર સંવત ૨૪૬૫] :: [વિક્રમ સંવત ૧૯૯૫

કિંમત ત્રણ આના

મુદ્રક:-શાહ ગુલાબચંદ લલ્લુભાઇ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ,
દાણાપીઠ-ભાવનગર

શ્રી જંબૂદ્વીપ સમાસ ગ્રંથના જ કર્ત્તા શ્રી ઉમાસ્વાતિ વાચકની

## અન્ય પ્રસાદી

यद्वत् कश्चित् क्षीरं, मधुशर्करया सुसंस्कृतं हृद्यम् ।
पित्तार्दितेन्द्रियत्वा–द्वितथमतिर्मन्यते कटुकम् ॥ ७८ ॥

तद्वन्निश्चयमधुर–मनुकम्पया सद्भिरभिहितं पथ्यम् ।
तथ्यमवमन्यमाना, रागद्वेषोदयोद्वृत्ताः ॥ ७९ ॥

जातिकुलरूपबललाभ–बुद्धिवाल्लभ्यकश्रुतमदान्धाः ।
क्लीबाः परत्र चेह च, हितमप्यर्थं न पश्यन्ति ॥ ८० ॥

**ભાવાર્થ**—જેમ કોઈ પિત્તપ્રકોપથી વિપરીત મતિવાળો મધ અને સાકરથી સારી રીતે સંસ્કારેલ મનોહર ક્ષીરભોજનને કડવું લેખે છે, તેમ રાગદ્વેષના ઉદયથી ઉદ્ધત–ઉન્મત્ત બનેલા જાતિ, કુળ, રૂપ, બળ, લાભ, બુદ્ધિ, વલ્લભતા અને શ્રુતમદથી અંધ થયેલા નામર્દો નિશ્ચયે કરીને મધુર તથા અનુકંપાએ કરીને ઉત્તમ પુરુષોએ ઉપદેશેલા હિતકારી સત્ય વચનોને નહિં આદરતા આ લોક તથા પરલોકમાં હિતકારી માર્ગને પણ જોઈ શકતા નથી. ૭૮–૭૯–૮૦

( પ્રશમરતિ )

# નિવેદન

આ **જંબૂદ્વીપ સમાસ** પ્રકરણ પૂર્વધર **શ્રી ઉમાસ્વાતિ** વાચકનું કરેલું છે. તેનું ભાષાંતર કરીને પ્રગટ કરવાની એક મુનિરાજ તરફથી પ્રેરણા થતાં તે કામ હાથ ધર્યું. તે પ્રકરણની છપાયેલ બુક જોતાં તેમાં તેના ટીકાકારનો કરેલો પ્રારંભનો ને અંતનો ભાગ જણાયો, પરંતુ ટીકા સંબંધી કાંઈ પણ ઉલ્લેખ જણાયો નહીં, તેથી તે અપૂર્વ પ્રકરણ ઉપર ટીકા હોવી જ જોઈએ એમ નિરધાર થવાથી તેની ૩–૪ પ્રતો જુદા જુદા આચાર્યો તરફથી મેળવી. તે ટીકા આચાર્ય શ્રી વિજયસિંહસૂરિ અથવા શ્રી વિજયસૂરિની કરેલી છે, શ્લોકસંખ્યા સુમારે ૪૦૦૦ છે. કોઈ વિદ્વાન કરે તો ભાષાંતર કરવા લાયક છે. અમે તે ટીકાનો ઉપયોગ કાંઈ કર્યો નથી, માત્ર વાંચવાનો લાભ લીધો છે. તે ટીકાના પ્રારંભના ને અંતના ભાગના શ્લોકોના અર્થ આ બુકમાં આપેલા છે. તે વાંચવાથી તેનું મહત્ત્વ સમજી શકાય તેમ છે.

આ ગ્રંથ અથવા પ્રકરણ બહુ સંક્ષિપ્ત હોવાથી તેનો અર્થ લખતાં મુશ્કેલી પડે તેવું હતું, પરંતુ ક્ષેત્રલોકપ્રકાશમાં તેમ જ બૃહત્ ક્ષેત્રસમાસ વગેરે ગ્રંથોમાં આ વિષય વાંચવામાં આવેલ હોવાથી યથામતિ ભાષાંતર કરવાનો પ્રયાસ કર્યો છે, છતાં છદ્મસ્થપણાના કારણથી તેમાં સ્ખલના થવાનો સંભવ છે તેથી મુનિમહારાજાઓના અથવા શ્રાવકબંધુના સમજવામાં કાંઇ ક્ષતિ આવે તો તે અમને લખી જણાવવાની પ્રાર્થના છે.

જંબૂદ્વીપસમાસ એવું ગ્રંથનું નામ છતાં તેમાં નંદીશ્વરદ્વીપ પર્યંતની હકીકત સમાવેલી છે, તે આ સાથે આપેલી અનુક્રમણિકાથી જાણી શકાય તેમ છે. ગ્રંથકર્ત્તાએ ચાર આહ્નિક અથવા વિભાગ પાડ્યા છે, તે પણ અનુક્રમણિકામાં બતાવેલા છે.

આ ગ્રંથ પૂર્ણ થયા બાદ એ જ કર્ત્તાનું કરેલું **પૂજા પ્રકરણ** (૧૯ શ્લોકપ્રમાણ છે તે) અર્થ સાથે આપેલ છે. ત્યારપછી તેમના કરેલા કહેવાતાં દાનના આઠ પ્રકારો સંબંધી શ્લોકોના અર્થ પણ તે સંબંધી વિવેચનકારે કરેલા વિવેચન સાથે આપ્યા છે.

ત્યારપછી **યતિશિક્ષા પંચાશિકા** કે જે માગધી ૫૦ ગાથા પ્રમાણ પૂર્વાચાર્યકૃત છે તે અર્થ સાથે આપેલ છે અને ત્યારપછી **ચારિત્રમનોરથમાળા** કે જે માગધી ૩૦ ગાથા પ્રમાણ છે તે અર્થ સાથે આપેલ છે. આ બંને પ્રકરણો એટલા બધા ઉપયોગી છે કે તે વાંચવાથી સવિશેષપણે મુનિરાજને તેમ જ ચારિત્રેચ્છુ શ્રાવકને અત્યંત હિત કરે તેમ છે. બંને પ્રકરણો અપ્રસિદ્ધ છે અને તે નવા અભ્યાસી પણ વાંચીને સમજી શકે તેટલા માટે અર્થ સાથે આપેલા છે. આ બંને વસ્તુ નવી નવી શોધ કરનારા **ભોજક ગિરધરલાલ હેમચંદે** મોકલેલ છે, તેથી તેમનો આભાર માનવામાં આવે છે. તે બંનેનો તેમજ પૂજા પ્રકરણાદિનો અર્થ સભાના અનુભવી શાસ્ત્રી જેઠાલાલ હરિભાઇ પાસે લખાવેલો છે અને તેમાં કાંઇ જૈન શૈલી વિરુદ્ધ ન આવે તેટલા માટે મેં યથામતિ શોધેલ છે.

જંબૂદ્વીપસમાસ ગ્રંથનું ભાષાંતર મેં કર્યું છે, તેમાં મૂળ કરતાં કાંઈક અર્થમાં વિસ્તાર કર્યો છે, કારણ કે તેમ કર્યા વિના

વસ્તુ બરાબર સમજાવી શકાય તેમ નહોતું. એ કૃતિમાં જે સ્ખલના થઇ હોય તેને માટે જવાબદાર હું છું.

બુકની પ્રાંતે ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજીકૃત એક પદ આપી બુક સમાપ્ત કરી છે.

આ જંબૂદ્વીપ સમાસ ગ્રંથના કર્ત્તા શ્રી ઉમાસ્વાતિવાચકે પાંચસો ગ્રંથો કરેલા છે એવી ઉક્તિ છે, પરંતુ હાલમાં તેમાંથી લભ્ય બહુ થોડા છે. લભ્ય ગ્રંથોમાં મુખ્ય શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર સ્વોપજ્ઞ ભાષ્ય યુક્ત છે, તેના પર મોટી ટીકાઓ થયેલી છે. તે સિવાય શ્રી પ્રશમરતિ, શ્રાવકપ્રજ્ઞપ્તિ. વગેરે ગ્રંથો જાણવામાં આવ્યા છે. શોધક વ્યક્તિઓના જાણવામાં વધારે આવી શકવા સંભવ છે, તો તેમણે તે પ્રસિદ્ધિમાં મૂકવા.

આ બુક જો કે માત્ર ૮૦ પૃષ્ઠની જ હોવાથી નાની કહેવાય તેમ છે, પરંતુ તે તૈયાર કરવામાં કેટલો પ્રયાસ પડ્યો તે વાંચનારા બંધુઓ સમજી શકે તેમ છે. આ બુકનો લાભ જૈન મુનિઓ તેમ જ શ્રાવકભાઇઓ સવિશેષપણે લેશે તો લીધેલો શ્રમ અમે સફળ થયો માનશું.

| | |
|---|---|
| અક્ષય તૃતીયા<br>સં. ૧૯૯૫ | **કુંવરજી આણંદજી**<br>**ભાવનગર** |

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | ટીકાકારનું પ્રાથમિક નિવેદન | ૧ |
| ૨ | શ્રી જંબૂદ્વીપ સમાસ ગ્રંથ પ્રારંભ | ૩ |
| ૩ | ભરતક્ષેત્ર સમાસ | ૪ |
| ૪ | હિમવાન પર્વત | ૭ |
| ૫ | હૈમવત ક્ષેત્ર | ૧૧ |
| ૬ | મહાહિમવાન પર્વત | ૧૨ |
| ૭ | હરિવર્ષ ક્ષેત્ર | ૧૩ |
| ૮ | નિષધ પર્વત | ૧૪ |
| ૯ | નીલગિરિ પર્વત | ૧૫ |
| ૧૦ | રમ્યક્ ક્ષેત્ર | ૧૬ |
| ૧૧ | રુક્મી પર્વત | ૧૬ |
| ૧૨ | હૈરણ્યવત્ ક્ષેત્ર | ૧૭ |
| ૧૩ | શિખરી પર્વત | ૧૭ |
| ૧૪ | ઐરવત ક્ષેત્ર | ૧૭ |

ઇતિ પ્રથમાહ્નિકમ્

| | | |
|---|---|---|
| ૧૫ | મહાવિદેહ ક્ષેત્ર ( મેરુ પર્વત વર્ણન ) | ૧૮ |
| ૧૬ | ,, ( વક્ષસ્કાર—ગજદંત વર્ણન ) | ૨૧ |
| ૧૭ | ,, ( ઉત્તરકુરુ ક્ષેત્ર વર્ણન ) | ૨૩ |
| ૧૮ | ,, ( દેવકુરુ ક્ષેત્ર સંક્ષેપ ) | ૨૬ |
| ૧૯ | ,, ( વિજય, વક્ષસ્કારાદિ વર્ણન ) | |


ઇતિ દ્વિતીયાહ્નિકમ્

ઇતિ જંબૂદ્વીપવિચાર

૨૦ લવણ સમુદ્ર સમાસ ૩૦
૨૧ ધાતકી ખંડ સમાસ ૩૩
૨૨ કાળોદધિ સમાસ ૩૫
૨૩ પુષ્કરવરાર્ધદ્વીપ સમાસ ૩૫
૨૪ માનુષોત્તર પર્વત વગેરે ૩૭
૨૫ નંદીશ્વર દ્વીપ વર્ણન ૩૮

## ઇતિ તૃતીયમાહ્નિકમ્

૨૬ આઠ પ્રકારનાં ગણિત વગેરે અનેક વિચાર ૪૦

## ઈતિ ચતુર્થાહ્નિકમ્

## શ્રી જંબૂદ્વીપ સમાસ ગ્રંથની સમાપ્તિ

૨૭ ટીકાકારનું અંત્ય નિવેદન ૪૩
૨૮ ટીકાકારનો પ્રાંત ઉલ્લેખ ૪૪
૨૯ ટીકાકારની પ્રશસ્તિ વિશિષ્ટ અર્થ યુક્ત ૪૪

## શ્રી જંબૂદ્વીપ સમાસના ટીકાકારની સમાપ્તિ

૩૦ શ્રી ઉમાસ્વાતિવાચક વિરચિત પૂજા પ્રકરણ અર્થસહિત ૪૯
૩૧ દાનના આઠ પ્રકાર વગેરે ઉપર તેમના જ કરેલા શ્લોકોનો અર્થ ૫૫
૩૨ શ્રી યતિશિક્ષા પંચાશિકા ( પૂર્વાચાર્યકૃત ) ૫૭
૩૩ ,, નો અર્થ ૬૩
૩૩ શ્રી ચારિત્રમનોરથમાળા ( પૂર્વાચાર્ય કૃત ) ૭૧
૩૫ ,, નો અર્થ ૭૪
૩૬ ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત પદ ૮૦

# શ્રી ચિદાનંદજીકૃત પદ

**લઘુતા મેરે મન માની, લહી ગુરુગમ જ્ઞાન નિશાની. એ ટેક**

મદ આઠ જીનોને ધારે, તે દુર્ગતિ ગયે બિચારે;
દેખો જગતમેં પ્રાની, દુઃખ લહત અધિક અભિમાની. લઘુ૦ ૧

શશી સૂરજ બડે કહાવે, તે રાહુકે બશ આવે;
તારાગણ લઘુતા ધારી, સ્વર્ભાનુ ભીતિ[૧] નિવારી. લઘુ૦ ૨

છોટી અતિ [૨]જોયણગંધી, લહે ખટરસ સ્વાદ સુગંધી;
કરટી[૩] મોટાઇ ધારે, તે છાર[૪] શિર પર ડારે. લઘુ૦ ૩

જબ બાળચંદ[૫] હોઇ આવે, તવ સબ જન દેખન જાવે;
પુનમદિન બડા કહાવે, તબ ક્ષીણ કળા હોઇ જાવે. લઘુ૦ ૪

ગુરૂવાઇ[૬] મનમેં વેદે, નૃપ શ્રવણ નાસિકા છેદે;
અંગમાંહે લઘુ કહાવે, તે કારણ ચરણ પૂજાવે. લઘુ૦ ૫

શિશુ[૭] રાજધામમેં આવે, સખી હીલમીલ ગોદ[૮] ખીલાવે;
હોય બડા જાણ નવિ પાવે, જાવે તો શિશ કટાવે. લઘુ૦ ૬

અંતર[૯] મદભાવ વહાવે, તબ ત્રિભુવનનાથ કહાવે;
ઇમ ચિદાનંદ એ ગાવે, રહેણી[૧૦] વિરલા કોઉ પાવે. લઘુ૦ ૭

---

૧ રાહુની બીક. ૨ કીડી. ૩ હાથી. ૪ ધૂળ. ૫ બીજનો ચંદ્રમા. ૬ મોટાઇ. ૭ બાળક. ૮ ખોળામાં. ૯ અંતરમાંથી મદનો ભાવ કાઢી નાખે ત્યારે. ૧૦ કહ્યા પ્રમાણે કરવું તે.

श्री उमास्वातिवाचक विरचित

# श्री जंबूद्वीप समास

नुं

## भाषांतर

टीकाकार-आचार्य श्रीविजयसिंहसूरिनुं

## प्राथमिक निवेदन

**श्रीसद्मपार्श्वप्रभुपादपद्म-मानम्य वाचामधिदेवतां च ।**
**द्वीपोदधिक्षेत्रसमाससमस्मि, श्रीवाचकीयं विवृणोमि किंचित् ॥**

"ज्ञानरूप लक्ष्मीना घररूप श्रीपार्श्वनाथ प्रभुना चरण-कमळने तथा सरस्वती देवीने नमस्कार करीने श्री उमास्वाति वाचके रचेला द्वीप अने समुद्ररूप क्षेत्रना समास (संक्षेप)नुं हुं कांइक विवरण करुं छुं. १.

श्री उमास्वाति वाचकनुं कहेलुं वचन क्यां? अने मारो आवा प्रकारनो वाणीनो कल्प क्यां? खरी वात छे के-हुं मोहने लीधे महासागरने [१]चुलुकवडे मापवा इच्छुं छुं. २.

१ एक हाथना चळुवडे.

અથવા તો આ ચિંતા કરવાથી પણ મારે શું ? કેમકે— જેમણે કૌશિકરૂપી ઉત્તમ મુનિનાયકોને હર્ષ પમાડ્યો છે અને જેઓ કુવલયને ( જગતના પ્રાણીઓને અને ચંદ્ર-વિકાસી કમળને ) પ્રતિબોધ કરનારા છે તે મારા અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનાર શ્રી જિનચંદ્રમા વક્તાઓને ઘણો ઉદ્યોત આપે છે. ૩.

કોઇ ઠેકાણે જીવાભિગમના વચનને અનુસરીને, કોઇ ઠેકાણે તેની ટીકાના વચનને અનુસરીને તથા કોઇ ઠેકાણે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિને અને કોઇ ઠેકાણે કરણીને અનુસરીને તથા કોઇ ઠેકાણે શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણના તુલ્યઅર્થવાળા વિવૃતિના પદસહિત શાસ્ત્રને જોઇને તેમ જ અન્ય ગ્રંથોને જોઇને મુગ્ધબુદ્ધિવાળો હું આ ટીકા કરું છું. ૪

વળી બીજું—

કુત્સિત ટીકાને કરનારા કેટલાક પ્રાયે કરીને જે (ગ્રંથ–વાકય–પદ વિગેરે) અત્યંત દુર્બોધ હોય તેનો પ્રગટ અર્થ-વાળા છે એમ કહીને ત્યાગ કરે છે અને જે પ્રગટ અર્થવાળો ભાગ હોય તેનું ઘણે પ્રકારે રૂપની સિદ્ધિ વિગેરે વડે વિવરણ કરે છે, તથા વળી નેયાર્થ( દોષ )વાળા અને અતિ તુચ્છ વચનોવડે શિષ્યોને ભ્રાંતિ ઉત્પન્ન કરે છે, તેથી તેઓ શાસ્ત્રનો વિપ્લવ ( ઉથલપાથલ ) કરનારા છે. ૫.

વિસ્તારનો ત્યાગ કરીને તથા આળજાળને દૂર કરીને અને બોધને અનુસારે અર્થને અત્યંત સમજીને મારા કરતાં અજ્ઞાની ( અલ્પ જ્ઞાની ) જીવોના પ્રતિબોધને માટે હું આ ઉમા-સ્વાતિવાચકના વચનની વિવૃતિ ( ટીકા ) કરું છું. ૬.

આ ગ્રંથના પ્રારંભમાં આર્ય (વિદ્વાન) જનોના આચારનું આચરણ કરવાથી મોટી ચતુરાઈને ધારણ કરનાર, નિર્વિઘ્નપણે વિઘ્નોના સમૂહનો ઘાત કરવામાં મનોહર તથા મંગળક્રિયાને કરનાર એવા નમસ્કારને શ્રીમાન્ ઉમાસ્વાતિ વાચકે કર્યો છે. ૭.

( આ ટીકા લભ્ય ન થવાથી તેનું ભાષાંતર કર્યું નથી. )

---

## પૂર્વધર શ્રી ઉમાસ્વાતિવાચકવિરચિત

# श्री जंबूद्वीप समास प्रारंभ

**सर्वजननयनकान्तं नखलेखाविसृतदीधितिवितानम् ।**
**पादयुगचन्द्रमंडल–मभिरक्षतु नः सदा जैनम् ॥**

અર્થ:—સર્વ જનોના નેત્રોને મનોહર અને નખની શ્રેણીની વિસ્તાર પામતી કાંતિના સમૂહવાળું શ્રી જિનેશ્વરના ચરણયુગરૂપી ચંદ્રમંડળ અમારી રક્ષા કરો.

## जंबूद्वीप

સર્વ દ્વીપસમુદ્રોના મધ્યમાં રહેલો એક લાખ યોજન લંબાઈ પહોળાઈવાળો અને ત્રણ લાખ સોળ હજાર બસો ને સત્તાવીશ યોજન, ત્રણ ગાઉ, ૧૨૮ ધનુષ્ય અને ૧૩ાા અંગુળ ઝાઝેરી પરિધિવાળો, પોતાના (દ્વારના) નામથી અધિષ્ઠિત ચાર યોજન પહોળા, ચાર યોજન પ્રવેશવાળા અને આઠ યોજન ઊંચા વિજયાદિ ચાર દ્વારવાળી વજ્રમય જગતીથી વીંટાયેલો, તેમ જ આઠ યોજન ઊંચી અને મૂળમાં બાર યોજન,

ઉપર ચાર યોજન પહોળી જગતીવાળો તેમ જ અર્ધયોજન પહોળા અને જગતીના આઠમા ભાગે ( એક યોજન ) લંબાઇ-વાળા જાળકટકવાળી જગતીવાળો તથા જે જગતીની ઉપર કટક પ્રમાણે ફરતી વિચિત્ર રત્નમય સ્તંભ, ફલક, સંઘાટક, શુચિવંશ, વંશક અને વેલ્લકવડે નિર્માણ કરેલી પદ્મવરવેદિકા[1] છે એવો આ જંબૂદ્વીપ છે. તે વેદિકાની ઉપર ગવાક્ષો, હેમ-કિંકિણી( સુવર્ણની ઘુઘરીઓ )વાળી ઘંટાઓ તથા રજત અને મણિમુક્તાફળમય પદ્મતાલકની રચના છે. તે વાયુના સંપાતના સંઘટ્ટથી શબ્દવાળી છે. નાનાપ્રકારની લતાવાળી છે. તે સંઘાટકની અંદર તેમ જ સ્તંભોની અંદર ઉત્પળાદિની રચના છે. તે વેદિકા બંને બાજુ વનખંડવાળી છે. તે વનો શુભ રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દવાળા મણિમય તૃણ યુક્ત છે. રત્નમય ત્રણ સોપાન, સ્થગન, તોરણ, અષ્ટમંગળ, ધ્વજા, નાની ટેકરીઓ, આંદોલન-( હીંચકા )ના ગૃહ, મંડપ, આસન અને વેદિકાવાળા તથા વિચિત્ર દેખાવના જળવાળી વાપિકાઓવડે વિભૂષિત છે.

## ભરતક્ષેત્ર

તે જંબૂદ્વીપના દક્ષિણભાગે પ્રાંતે **ભરત**નામનું ક્ષેત્ર છે, તે હિમવંત પર્વત પર્યંત પર૬ યોજન ને છ કળાના વિસ્તારવાળું છે. તે ક્ષેત્રને વિજયાઢ્ય ( વૈતાઢ્ય ) પર્વત અને ગંગાસિંધુ નદીઓએ છ ભાગવાળું કરેલું છે. માગધ, વરદામ અને પ્રભાસ નામના તે તે નામવાળા દેવના સ્વામીવાળા ત્રણ તીર્થ-દ્વારવાળું છે. તે ક્ષેત્રના દક્ષિણાર્ધવિભાગના મધ્યભાગમાં અયોધ્યા નામે નગરી છે અને ક્ષેત્રના મધ્યભાગમાં પૂર્વ

૧ તે વેદિકા બે ગાઉ ઊંચી ને ૫૦૦ ધનુષ્ય પહોળી છે.

પશ્ચિમ લાંબો, પચવીશ યોજનની ઊંચાઇવાળો અને તેના ચોથા ભાગે ( સવા છ યોજન ) જમીનમાં ઊંડો, પચાસ યોજન પહોળો, રુચકના આકારવાળો, સર્વ રજતમય વિજયાઢ્ય નામે પર્વત છે. તેણે પોતાનો વિસ્તાર બાદ કરતાં બાકી રહેલા ભરતક્ષેત્રના પ્રમાણના અર્ધભાગવાળા ઉત્તર દક્ષિણ એવા બે વિભાગ ( ૨૩૮ યોજન ને ત્રણ કળા પ્રમાણ ) કરેલા છે. તે પર્વત બંને બાજુએ વેદિકા અને વનખંડવાળો છે. તે પર્વતમાં પશ્ચિમ બાજુએ તમિસ્રા નામે ગુફા ગિરિના વિસ્તાર જેટલી ( ૫૦ યોજન ) લાંબી અને બાર યોજન વિસ્તારવાળી ( પહોળી ) તથા આઠ યોજન ઊંચી છે. તેની બંને બાજુ વિજયદ્વારના પ્રમાણવાળા બે દ્વાર છે. વજ્રમય બારણાથી બંધ કરેલી છે. કૃતમાલ નામના દેવનો ત્યાં નિવાસ છે. તે ગુફાના મધ્યમાં બે યોજનના આંતરાવાળી અને ત્રણ ત્રણ યોજનની પહોળાઇવાળી ઉન્મગ્નજલા ને નિમગ્નજલા નામની બે નદીઓ છે. તે તમિસ્રા ગુફા પ્રમાણે જ એ પર્વતની પૂર્વબાજુએ ખંડપ્રપાતા નામની ગુફા છે. ત્યાં નૃત્તમાલ નામના દેવનો નિવાસ છે. ( તે તેનો સ્વામી છે. )

વિજયાઢ્ય પર્વત ઉપર દશ યોજન ચડીએ ત્યારે બંને બાજુએ દશ દશ યોજનના વિસ્તારવાળી ( પહોળી ) વિદ્યાધરોની બે શ્રેણીઓ છે. તે પર્વતપ્રમાણ લાંબી છે ને વેદિકા-વનખંડ યુક્ત છે. તેની દક્ષિણ બાજુની શ્રેણી જનપદ સહિત રથનપુરચક્રવાલ પ્રમુખ પચાસ નગરવાળી છે અને વિચિત્ર-મણિ, પુષ્કરિણી, ઉદ્યાન અને ક્રીડાસ્થાનોથી વિભૂષિત છે. ઉત્તર બાજુની શ્રેણીમાં ગગનવલ્લભ વિગેરે સાઠ નગરો છે. તે બંને શ્રેણીમાં વિદ્યાના પ્રસાદથી પ્રાપ્ત થયેલા વાંચ્છિત

ભોગને ભોગવનારા વિદ્યાધરો વસે છે. તેની ઉપર દશ યોજન ચડીએ ત્યારે ઉપર પ્રમાણેની જ દશ યોજન પહોળાઈવાળી બે શ્રેણીઓ છે. તે અતિ રમણિક ભૂમિભાગવાળી છે અને ઈંદ્રના લોકપાળના આભિયોગ્ય દેવોના સુંદર આશ્રયસ્થાનોથી અલંકૃત છે. તેની ઉપર પાંચ યોજન ચડીએ ત્યારે ઉપરીતળ આવે છે. તે દશ યોજન પહોળું છે. વેદિકા અને વનખંડવડે અતિ મનોહર છે. દેવોને ક્રીડા કરવાનું સ્થાન છે. ત્યાં નવ કૂટો ( શિખરો ) આવેલા છે. તેના નામો આ પ્રમાણે— ૧ સિદ્ધાયતન, ૨ દક્ષિણભરતાર્ધ, ૩ ખંડપ્રપાત, ૪ માણિભદ્ર, ૫ વિજયાઢ્ય, ૬ પૂર્ણભદ્ર, ૭ તમિસ્રા, ૮ ઉત્તરભરતાર્ધ અને ૯ વૈશ્રવણ. આ પ્રમાણે પૂર્વ દિશાના ક્રમે રહેલા છે. તે કૂટો ઊંચા પર્વતના ચોથા ભાગે ( સવા છ યોજન ) છે. મૂળમાં વિસ્તાર પણ એટલો જ છે. ઉપર તેનાથી અર્ધવિસ્તારવાળા છે. સર્વરત્નમય છે, તેમાં મધ્યના ત્રણ કનકમય છે. પહેલા કૂટ ઉપર સિદ્ધાયતન છે તે એક કોશ લાંબું, અર્ધકોશ પહોળું અને અર્ધકોશથી કાંઈક ન્યૂન ઊંચું છે. વિવિધ પ્રકારના રત્નોવડે જોવા લાયક એવા પાંચશેં ધનુષ્ય ઊંચા, તદર્ધ ( અઢીસો ધનુષ્ય ) પહોળા અને પ્રવેશવાળા ત્રણ દિશાએ ત્રણ દ્વાર છે. ( પાછળ દ્વાર નથી. ) તે દ્વારો બંને બાજુએ કમળમાં રહેલા પૂર્ણકળશ, નાગદંતા, શાલભંજિકા, જાળકટક, ઘંટા અને વનમાળાની ક્રમસર રચનાવાળા છે. તે સિદ્ધાયતનના મધ્યમાં પાંચસો ધનુષ્ય લાંબી પહોળી અને તેથી અર્ધ જાડી મણિપીઠિકા છે. તેની ઉપર દેવછંદક છે. તે પાંચસો ધનુષ્ય બંને બાજુએ લાંબો પહોળો છે ને તેથી અધિક ઊંચો છે. તે દેવછંદા ઉપર ૧૦૮ જિનપ્રતિમા જિનેશ્વરના શરીરના પ્રમાણવાળી છે.

ત્યારપછી બીજો દક્ષિણાર્ધ ભરતકૂટ છે તે પણ પહેલા કૂટ જેટલો જ ઊંચો ને પહોળો છે. તેની ઉપર પ્રાસાદ પૂર્વે બતાવેલા પ્રમાણવાળો છે. તેની મધ્યમાં મણિપીઠિકા છે. તેના ઉપર તેના અધિપતિ દેવનું સિંહાસન છે, તે તેના પરિવારના દેવોના સિંહાસનોથી પરિવૃત છે. તેનો અધિપતિ ભરત નામનો દેવ એક પલ્યોપમના આયુષ્યવાળો છે. તેની રાજધાની અસંખ્ય દ્વીપો પછી આવેલા બીજા જંબૂદ્વીપમાં છે. ત્યાં ભરતદેવનો નિવાસ છે. બાકીના પાંચ કૂટ ઉપર તે તે નામવાળા દેવોના પ્રાસાદ છે. અને બે–તમિસ્રા ને ખંડપ્રપાત કૂટ ઉપર નૃત્તમાળ ને કૃતમાળ નામના દેવોનો નિવાસ છે.

આ ભરતક્ષેત્રમાં હિમવંત પર્વતના દક્ષિણ નિતંબ પાસે મધ્યમાં રત્નમય વૃષભકૂટ છે. તે આઠ યોજન ઊંચો, નીચે બાર યોજન વિસ્તારવાળો છે ને ઉપર ચાર યોજન વિસ્તારવાળો છે. તેની ઉપર વૃષભ નામના દેવનો નિવાસ છે.

**ઇતિ ભરતક્ષેત્ર સંક્ષેપઃ**

## હિમવાન્ પર્વત

ભરતક્ષેત્રની ઉત્તરે પૂર્વ પશ્ચિમ લવણસમુદ્રને અવબદ્ધ ( મળેલો ) ભરતક્ષેત્રથી બમણા વિસ્તારવાળો ( ૧૦૫૨ યોજન ૧૨ કળા ), સો યોજન ઊંચો, હેમમય અને અનેક પ્રકારના મણિઓવડે વિચિત્ર **હિમવાન્** નામે પર્વત છે. તેની ઉપર બહુમધ્યભાગે પદ્મ નામનો દ્રહ છે. તે પૂર્વ પશ્ચિમ હજાર યોજન લાંબો અને ઉત્તર દક્ષિણ પાંચસો યોજન પહોળો છે. ચોખંડો છે.

દશ યોજન ઊંડો છે. રજતમય કાંઠાવાળો છે. વજ્રમય પાષાણના તપનીય તળીયાવાળો છે. સુવર્ણના, મધ્યમાં રજતવાળા ને મણિરત્નની પાળવાળા ચાર દિશાએ ચાર સોપાન (પગથિયા) છે, તેથી સારી રીતે અંદર ઊતરી ચડી શકાય તેવો છે. તેના દ્વારો તોરણ ધ્વજ છત્રાદિવડે ભૂષિત છે અને નીલોત્પલ, પૌંડરીક, શતપત્ર, સૌગંધિકાદિ પુષ્પોથી વ્યાપ્ત છે. વિચિત્ર પ્રકારના પક્ષીઓ અને મત્સ્યો જેમાં ફરી રહ્યા છે એવો અને ભ્રમરોને ભોગ્ય છે. તે દ્રહના મધ્યમાં એક યોજન લાંબુ, અર્ધ યોજન પહોળું, દશ યોજન ઊંડું અને પાણી ઉપર બે કોશ ઊંચું, વજ્રમય મૂળવાળું, અરિષ્ટરત્નમય કાંડવાળું અને વૈડૂર્યરત્નમય નાળવાળું, વૈડૂર્યરત્નના બાહ્ય પત્રોવાળું ને જાંબૂનદરત્નના અંદરના પત્રવાળું, કનકમય કર્ણિકાવાળું, તપનીયમય કેસરાવાળું, નાનામણિમય પુષ્કર-( પાંખડીઓ )વાળું એક પદ્મ ( કમળ ) છે. તેની કર્ણિકા અર્ધ યોજન લાંબી અને તેથી અર્ધ પહોળી છે. તેની ઉપર વિજયાર્ધ ઉપરના કૂટમાં છે તેવું ભવન છે. તે ભવનની મધ્યમાં આવેલી મણિપીઠિકા ઉપર શ્રીદેવીની શય્યા છે.

આ મુખ્ય કમળ તેનાથી અર્ધા પ્રમાણની લંબાઇ પહોળાઇવાળા સો કમળોથી વીંટાયેલું છે. તેની ફરતા બીજા વલયમાં વાયવ્ય, ઉત્તર ને ઇશાન એ ત્રણ દિશામાં તેના સામાનિક ચાર હજાર દેવોના ચાર હજાર કમળ છે. ત્યારપછી જુદી જુદી ત્રણ દિશામાં–અગ્નિ, દક્ષિણ ને નૈર્ઋત્યમાં

---

૧. ક્ષેત્રસમાસાદિકમાં ૧૦૮ કહ્યા છે. તેમાં શ્રીદેવીના આભરણો રહે છે.

આઠ હજાર, દશ હજાર ને બાર હજાર અભ્યંતર, મધ્ય ને બાહ્ય પર્ષદાના દેવોના તેટલી સંખ્યામાં કમળો છે. પૂર્વ દિશામાં ચાર મહત્તરિકા દેવીના ચાર કમળો છે. પશ્ચિમ દિશામાં સાત અનિકાધિપતિના સાત કમળો છે. ( આ પ્રમાણે બીજું વલય જાણવું. ) ત્યારપછી ત્રીજા વલયમાં ચારે દિશામાં તેના આત્મરક્ષક દેવોના ચાર ચાર હજાર મળી કુલ સોળ હજાર કમળો છે. ત્યારપછીના ચોથા, પાંચમા ને છઠ્ઠા વલયમાં બત્રીશ લાખ, ચાળીશ લાખ ને અડતાળીશ લાખ કમળો તેના અભિયોગિક દેવોના છે. આ પ્રમાણેના છ વલયોથી વીંટાયેલું શ્રીદેવીનું મુખ્ય કમળ છે.

તે પદ્મદ્રહના પૂર્વ તરફના તોરણથી નીકળેલી ગંગા નદી પ્રથમ તે દિશાએ પર્વત ઉપર પાંચસો યોજન ચાલીને ગંગાવર્તન કૂટ આવતાં દક્ષિણ તરફ ૫૨૩ યોજન ઝાઝેરી પર્વત પર ચાલીને પર્વતની નીચે ગંગાપ્રપાત કુંડમાં પડે છે. ને ત્યાંથી દક્ષિણદ્વારે નીકળીને સમુદ્ર તરફ ગમન કરે છે. તે ગંગાનદી નીકળે છે ત્યારે સવા છ યોજનના પ્રવાહવાળી હોય છે ને પ્રાંતે સમુદ્રમાં મળે છે ત્યાં ૬૨ાા યોજન પહોળી થાય છે. તેની બંને બાજુ મુખપર્યંત વેદિકા સર્વત્ર છે. તેના પર્વત પરથી પ્રપાત માટેની જિહ્વિકા અર્ધ યોજન લાંબી, સવા છ યોજન પહોળી અને અર્ધકોશ જાડી, પહોળા કરેલા મકરના મુખની આકૃતિવાળી છે. ત્યાંથી નીચે પડવા માટે ગંગાપ્રપાત નામનો કુંડ વજ્રમય તળવાળો છે. સાઠ યોજન લાંબો પહોળો છે. નીચે ૫૦ યોજન પહોળો છે. દશ યોજન ઊંડો છે. ત્રણ સોપાન અને તોરણવાળો છે. તે કુંડના મધ્યમાં

ગંગા નામનો દ્વીપ છે તે આઠ યોજન લાંબો પહોળો છે. તેના મધ્યમાં ગંગાદેવીનું ભવન છે તેની મધ્યમાં મણિપીઠિકા ઉપર ગંગાદેવીની શય્યા છે. ગંગાનદી ગંગાપ્રપાત કુંડના દક્ષિણ તોરણથી નીકળીને ઉત્તર ભરતાર્ધમાં થઇ ખંડપ્રપાતા ગુફા તથા વૈતાઢ્યને ભેદીને ભરતક્ષેત્રના દક્ષિણાર્ધના બહુમધ્યભાગે ચાલીને, ઉત્તર ભાગમાં ને દક્ષિણ ભાગમાં સાત સાત હજાર નદીઓથી પરિવરીને પ્રારંભમાં અર્ધ કોશ ઊંડી ને પ્રાંતે પાંચ કોશ ઊંડી થઈને જંબૂદ્વીપની જગતીને ભેદીને લવણસમુદ્રમાં મળે છે.

પદ્મદ્રહના પશ્ચિમ બાજુના તોરણથી નીકળીને સિંધુ નદી પોતાના પ્રપાતકુંડમાં પડી તમિસ્રા ગુફા તથા વિજયાઢ્ય પર્વતને ભેદીને ગંગાનદી પ્રમાણે પ્રારંભમાં ને પ્રાંતે પ્રવાહમાં પહોળી ને ઊંડી થઈને ભરતક્ષેત્રના ઉત્તર ને દક્ષિણાર્ધમાં મળીને ચૌદ હજાર નદીઓથી પરિવરી જગતીને ભેદી પશ્ચિમ બાજુએ લવણસમુદ્રને મળે છે.

એ પદ્મદ્રહમાંથી ઉત્તર દિશાના તોરણે નીકળીને ત્રીજી રોહિતાંશા નદી ૨૭૬ યોજન ને ૩ કળા પર્વત પર વહીને ગંગા નદીથી બમણા પ્રવાહ વિગેરેના પરિમાણવાળી પોતાના નામના ૧૨૦ યોજન પ્રમાણ લાંબા પહોળા અને ૧૬ યોજનના દ્વીપવાળા પ્રપાતકુંડમાં પડી, તેમાંથી નીકળી શબ્દાપાતિ નામના વૃત્તવૈતાઢ્યથી અર્ધ યોજન છેટી રહીને હેમવત ક્ષેત્રમાં પશ્ચિમ બાજુએ વહી લવણસમુદ્રને મળે છે.

હિમવાન પર્વત ઉપર ૧ સિદ્ધાયતન, ૨ ક્ષુલ્લહિમવત, ૩ ભરત, ૪ ઇલાદેવી ૫ ગંગાવર્તન ૬ શ્રીદેવી, ૭ રોહિતાંશા, ૮ સિંધુઆવર્તન, ૯ સુરાદેવી, ૧૦ હૈમવત અને ૧૧ વૈશ્રમણ નામના ૧૧ કૂટો છે. તે સર્વરત્નમય છે.

પોતાના નામવાળા દેવોના સ્થાનભૂત છે. પાંચશેં યોજન ઊંચા છે, મૂળમાં પાંચશેં યોજન અને ઉપર અઢીસો યોજન વિસ્તાર-વાળા છે. તેમાંના પહેલા કૂટ ઉપર સિદ્ધાયતન છે. તે પચાસ યોજન લાંબુ, પચીશ યોજન પહોળું ને ૩૬ યોજન ઊંચું છે. તે સિદ્ધાયતનને આઠ યોજન ઊંચા ને ચાર યોજન પહોળા તથા પ્રવેશવાળા ત્રણ દ્વાર છે. તેના મધ્યમાં આઠ યોજન લાંબી પહોળી મણિપીઠિકા ચોખંડી છે. તેની ઉપર તેટલા જ પ્રમાણવાળો દેવછંદક છે તે આયામ ને ઊંચાઇમાં સાધિક છે. પ્રતિમાદિ સર્વ તેના પ્રમાણમાં છે. બાકીના કૂટો ઉપર પ્રાસાદો છે તે ૬૨ાા યોજન ઊંચા અને તેથી અર્ધા વિસ્તારવાળા છે અને મધ્યમાં સિંહાસનવાળા છે.

**ઇતિ હિમવત્ સંગ્રહઃ**

---

## હૈમવત ક્ષેત્ર

હિમવત્ પર્વતની ઉત્તરે તેનાથી બમણા વિસ્તારવાળું ( ૨૧૦૫ યો. ૫ ક. ) **હૈમવત** નામે ક્ષેત્ર છે. તે ક્ષેત્રમાં કાયમ યુગળિક મનુષ્યો જ હોય છે. તેનું શરીર એક ગાઉ ઊંચું અને એક પલ્યોપમનું આયુષ્ય હોય છે. તે ચતુર્થભક્ત-ભોજી એટલે એક દિવસને આંતરે ભોજન લેનારા અને ૭૯ દિવસ અપત્યનું પાલન કરનારા હોય છે. તેની પૃષ્ઠકરંડક ૬૪ હોય છે. તે ક્ષેત્રની મધ્યમાં વૃત્ત ( ગોળ ), વિચિત્ર રત્ન-મય અને નીચેથી ઉપર સુધી એક સરખો હજાર યોજન લાંબો પહોળો તેમ જ ઊંચો શબ્દાપાતી નામે પર્વત છે. તેની

ઉપર તે પર્વતના સ્વામી સ્વાતિ દેવનું ભવન છે તે હિમવત પર્વતના કૂટો ઉપર છે તેવું છે.

ઇતિ હૈમવત સમાહારઃ ( સંગ્રહઃ )

---

## મહાહિમવાન પર્વત

તે ક્ષેત્રની ઉત્તરે અર્જુન( સુવર્ણ )મય **મહાહિમવાન** નામનો પર્વત હૈમવત ક્ષેત્રથી બમણા વિસ્તારવાળો ( ૪૨૧૦ યો. ૧૦ કળા ) અને બસો યોજન ઊંચો છે. તે પર્વતની ઉપર મધ્ય ભાગમાં બે હજાર યોજન લાંબો ને એક હજાર યોજન પહોળો મહાપદ્મ નામે દ્રહ છે. તેમાં પદ્મદ્રહની પ્રમાણે જ પદ્મો છે. તે દ્રહમાં હ્રીદેવીનો નિવાસ છે. તે દ્રહમાંથી દક્ષિણ બાજુના દ્વારથી રોહિતા નામે નદી નીકળે છે. તેનો પ્રપાતકુંડ રોહિતા નામનો ૧૨૦ યોજન લાંબો પહોળો છે. તે કુંડમાં દ્વીપ ૧૬ યોજન પ્રમાણ છે. તેમાંથી નીકળીને તે નદી પૂર્વબાજુએ લવણસમુદ્રમાં જઈને મળે છે. તેનું પ્રમાણ રોહિતાંશાની પ્રમાણે છે. તે નદી પર્વતના વિસ્તારમાંથી દ્રહનો વિસ્તાર બાદ કરતાં બાકી રહે તેના અર્ધભાગ જેટલી ( ૧૬૦૫ યો. ૫ ક. ) પર્વત પર ચાલે છે અને હૈમવત ક્ષેત્રમાં એકંદર અઠ્ઠાવીશ હજાર નદીઓ સાથે પરિવૃત્ત થઇને લવણસમુદ્રને મળે છે.

મહાપદ્મદ્રહમાંથી ઉત્તર દ્વારે નીકળીને હરિકાંતા નદી પ્રારંભમાં ૨૫ યોજનના પ્રવાહવાળી, તેટલા પ્રમાણવાળી જીહ્વાવડે પોતાના નામના ૨૪૦ યોજન લાંબા પહોળા અને ૩૨

યોજનના દ્વીપવાળા પ્રપાતકુંડમાં પડીને તેમાંથી નીકળી ગંધાપાતિ નામના વૃત્તવૈતાઢ્યથી એક યોજન દૂર રહીને પશ્ચિમ તરફ વળી જઇ, છપ્પન હજાર નદીઓથી પરિવરી સતી લવણસમુદ્રમાં જઇને મળે છે. તે પર્વત ઉપર ૧ સિદ્ધાયતન, ૨ મહાહિમવત, ૩ હૈમવત, ૪ રોહિતા, ૫ હ્રી, ૬ હરિકાંતા, ૭ હરિવર્ષ અને ૮ વૈડૂર્ય નામના આઠ કૂટો છે. તેમાં પ્રથમ કૂટ ઉપર સિદ્ધાયતન છે અને બાકીના સાત કૂટ ઉપર પોતપોતાના નામના દેવી દેવોનો નિવાસ છે.

ઇતિ મહાહિમવત સમાસઃ

---

## હરિવર્ષ ક્ષેત્ર

મહાહિમવાન પર્વતથી ઉત્તરે તેના કરતાં બમણા (૮૪૨૧ યો. ૧ ક.) વિસ્તારવાળું **હરિવર્ષ** નામનું ક્ષેત્ર છે. તેમાં કાયમ યુગળિક મનુષ્યો જ હોય છે. તેની અપત્યપાલના ૬૪ દિવસની, પૃષ્ઠ કરંડક ૧૨૮ છે અને શરીર બે ગાઉ ઊંચું તથા આયુષ્ય બે પલ્યોપમનું છે. તે બે દિવસને આંતરે આહાર લે છે. તે ક્ષેત્રના મધ્યમાં ગંધાપાતી નામનો વૃત્તવૈતાઢ્ય શબ્દાપાતી જેવડા જ પ્રમાણવાળો છે. તેની ઉપર અરૂણદેવનો નિવાસ છે. તે ક્ષેત્રમાં હરિકાંતા ને હરિસલિલા નામની બે નદીઓ ૫૬૦૦૦ નદીઓના પરિવારવાળી છે.

ઇતિ હરિવર્ષ ક્ષેત્ર સંક્ષેપઃ

---

## નિષધ પર્વત

હરિવર્ષ ક્ષેત્રની ઉત્તરે તપનીયમય **નિષધ** નામના પર્વત હરિવર્ષ ક્ષેત્રથી બમણા પ્રમાણવાળો ( ૧૬૮૪૨ યોજન ને બે કળાનો ) છે. તે ચારસો યોજન ઊંચો છે. તે પર્વત પર મધ્ય ભાગે તિગિચ્છિ નામનો દ્રહ ચાર હજાર યોજન પૂર્વ પશ્ચિમ લાંબો અને બે હજાર યોજન ઉત્તર દક્ષિણ પહોળો છે. તેમાં ધૃતિદેવીનો નિવાસ છે. તે દ્રહમાં કમળો પદ્મદ્રહ પ્રમાણે છે. તે દ્રહમાંથી દક્ષિણબાજુના દ્વારથી નીકળીને હરિસલિલા નામની નદી પોતાના કુંડમાં પડી તેમાંથી નીકળીને હરિકાંતા નદીની જેમ ૫૬૦૦૦ નદીથી પરિવરેલી થઈ પૂર્વસમુદ્રને મળે છે. તેની જિહ્વા, કુંડનું પ્રમાણ, દ્વીપનું પ્રમાણ, પ્રવાહનું પ્રમાણ બધું હરિકાંતા નદી પ્રમાણે જાણવું.

તે પર્વત પરના દ્રહના ઉત્તર દ્વારથી નીકળીને સીતોદા નામની નદી પ્રારંભમાં પચાસ યોજનના પ્રવાહવાળી, તેટલા જ પ્રમાણવાળી જિહ્વિકાવડે હરિસલિલા નદીથી બમણા ( ૪૮૦ યોજન ) પ્રમાણવાળા લાંબા પહોળા અને બમણા પ્રમાણના ( ૬૪ યો. ના ) દ્વીપવાળા પોતાના નામવાળા પ્રપાતકુંડમાં પડી તેમાંથી નીકળીને દેવકુરુક્ષેત્રમાં રહેલા ૧ નિષધ, ૨ દેવકુરુ, ૩ સૂર્ય, ૪ સુલસ અને ૫ વિદ્યુત્પ્રભ નામના પાંચ દ્રહોને ભેદીને તેના મધ્યમાંથી નીકળી ૮૪૦૦૦ નદી-ઓથી પરિવરી સતી દક્ષિણબાજુના ભદ્રશાળવનમાં થઇને મેરુ-પર્વતથી બે યોજન દૂર રહી વિદ્યુત્પ્રભ ગજદંતાને ભેદીને પશ્ચિમ મહાવિદેહના બે ભાગ કરતી એકેક વિજયમાંથી અઠ્ઠાવીશ અઠ્ઠા-વીશ હજાર નદીથી પરિવૃત થઇને. કુલ ૫૩૨૦૦૦ નદીથી

પરિવરીને જયંતદ્વારની નીચેથી જંબૂદ્વીપની જગતીને ભેદીને પશ્ચિમસમુદ્રમાં મળે છે. તે પર્વત ઉપર ૧ સિદ્ધાયતન, ૨ નિષધ, ૩ હરિવર્ષ, ૪ પ્રાગ્‌વિદેહ, ૫ હ્રી, ૬ ધૃતિ, ૭ સીતોદા, ૮ અપર વિદેહ અને ૯ રુચક નામના નવ કૂટો છે. તેનું પ્રમાણ હૈમવત પર્વતના કૂટ પ્રમાણે જાણવું. તેમાં પ્રથમ કૂટ ઉપર સિદ્ધાયતન છે અને બીજા આઠ કૂટ ઉપર પોતપોતાના નામવાળા દેવોનો નિવાસ છે.

ઇતિ નિષધોદ્ધારઃ

---

## નીલગિરિ પર્વત

મહાવિદેહ ક્ષેત્રની ઉત્તરે વૈડૂર્યમય કીર્ત્તિદેવીના આશ્રયવાળા કેસરીદ્રહવાળો **નીલ**(વંત) નામે પર્વત છે. તે પર્વતની ઉપર ૧ સિદ્ધાયતન, ૨ નીલ, ૩ પ્રાગ્ વિદેહ, ૪ સીતા, ૫ કીર્ત્તિ, ૬ નારી, ૭ અપરવિદેહ, ૮ રમ્યક્ અને ૯ ઉપદર્શન નામે નવ કૂટો નિષધ પર્વત પ્રમાણે છે. આ પર્વતનું પ્રમાણ પહોળાઇ ને ઊંચાઇનું નિષધપ્રમાણે છે. તે પર્વત પરથી દક્ષિણ દ્વારે નીકળેલી દક્ષિણદિશામાં ચાલનારી સીતા નદી પર્વતપરથી તેના નામવાળા પ્રપાતકુંડમાં પડી, તેમાંથી નીકળીને ઉત્તરકુરુ ક્ષેત્રમાં આવેલા ૧ નીલ, ૨ ઉત્તરકુરુ, ૩ ચંદ્ર, ૪ ઐરવત અને ૫ માલ્યવત નામના પાંચ દ્રહોને ભેદીને પૂર્વમહાવિદેહના બે ભાગ કરતી વિજયદ્વારની નીચે થઇને પૂર્વસમુદ્રને મળે છે. તેનો પ્રવાહ, નદીપરિવાર વિગેરે સીતોદા પ્રમાણે જાણવું. તે પર્વત પરના દ્રહમાંથી ઉત્તરદ્વારે નીકળીને

નારીકાન્તા નદી પોતાના પ્રપાતકુંડમાં પડી રમ્યક્ ક્ષેત્રનાં મધ્યમાં થઈને પશ્ચિમસમુદ્રને મળે છે. તેનું પ્રવાહપ્રમાણ, નદીપરિવાર વિગેરે હરિસલિલા નદી પ્રમાણે જાણવું.

ઈતિ નીલગિરિ સમાસઃ

---

## રમ્યક ક્ષેત્ર

નીલવંત પર્વતની ઉત્તરે હરિવર્ષની જેવું **રમ્યક** નામે યુગળિક ક્ષેત્ર છે. તેના મધ્યમાં માલ્યવાન નામે વૃત્તવિજયાર્ધ પર્વત છે. તેના પર પદ્મ નામના દેવનો નિવાસ છે. બીજી બધી હકીકત હરિવર્ષ ક્ષેત્ર પ્રમાણે જાણવી.

ઇતિ રમ્યકમ્

---

## રુક્મી પર્વત

રમ્યક્ ક્ષેત્રની ઉત્તરે રજતમય **રુક્મી** નામે પર્વત છે. તેના મધ્યમાં મહાપુંડરીક નામે દ્રહ છે. તેમાં બુદ્ધિદેવીનો નિવાસ છે. તે પર્વતની ઉપર ૧ સિદ્ધાયતન, ૨ રુક્મી, ૩ રમ્યક, ૪ નરકાંત, ૫ બુદ્ધિ, ૬ રૈપ્ય, ૭ હૈરણ્યવત અને મણિકાંચન નામે આઠ કૂટ છે. આ પર્વતનું પહોળાઈ, ઊંચાઈ વિગેરેનું પ્રમાણ મહાહિમવાન્ પર્વત પ્રમાણે જાણવું. તે પર્વત પરના દ્રહમાંથી દક્ષિણદ્વારેથી નીકળીને નરકાંતા નદી રમ્યક ક્ષેત્રના પૂર્વબાજુના મધ્યભાગમાં થઈને પૂર્વસમુદ્રને મળે

છે અને ઉત્તરદ્વારમાંથી નીકળી રૂપ્યકૂળા નદી હૈરણ્યવત ક્ષેત્રના મધ્યમાં થઈને પશ્ચિમસમુદ્રને મળે છે.

## હૈરણ્યવત ક્ષેત્ર

રુક્મિ પર્વતની ઉત્તરે હૈરણ્યવત ક્ષેત્ર છે. તે હૈમવત ક્ષેત્ર પ્રમાણે સમજવું. તે ક્ષેત્રના મધ્યમાં વિકટાપાતી નામનો વૃત્તવૈતાઢ્ય છે અને તેની ઉપર પ્રભાસદેવનો નિવાસ છે.

## શિખરી પર્વત

હૈરણ્યવત ક્ષેત્રની ઉત્તરે શિખરી નામનો પર્વત હૈમવત પર્વતના પ્રમાણવાળો છે. તે તપનીયમય છે અને તે પર્વત ઉપરના પૌંડરીક નામના દ્રહમાં લક્ષ્મીદેવીનો નિવાસ છે. તે પર્વત ઉપર ૧ સિદ્ધાયતન, ૨ શિખરી, ૩ હૈરણ્યવત, ૪ સુરાદેવી, ૫ રક્તા, ૬ લક્ષ્મી, ૭ સુવર્ણ, ૮ રક્તોદા, ૯ ગંધાપાતિ, ૧૦ ઐરવત અને ૧૧ તિગિચ્છિ નામના ૧૧ કૂટો છે. તે બધા હૈમવત પર્વત ઉપરના કૂટ જેવા છે. પ્રથમ કૂટ ઉપર સિદ્ધાયતન છે અને બીજા કૂટો ઉપર તે તે નામના દેવદેવીનો નિવાસ છે. તે પર્વત પરના દ્રહમાંથી દક્ષિણ બાજુના દ્વારથી નીકળેલી સુવર્ણકૂલા નદી પૂર્વગામિની રોહિતાંશા જેવી છે અને પૂર્વ પશ્ચિમ દ્વારથી નીકળેલી રક્તા ને રક્તવતી નદી ઉત્તર તરફ પોતપોતાના પ્રપાતકુંડમાં પડીને ઐરવત ક્ષેત્રમાં જાય છે. તે ગંગા સિંધુ જેવી છે.

## ઐરવત ક્ષેત્ર

સર્વથી ઉત્તરે ભરતક્ષેત્ર જેવું ઐરવત ક્ષેત્ર છે. તેની મધ્યમાં વિજયાર્ધ પર્વત છે. તેની ઉપરના નગરોમાં દિશા ને સંખ્યાનો ભરતક્ષેત્રથી વિપર્યય જાણવો. તેની અભિયોગિક દેવોની શ્રેણીમાં ઇશાનેંદ્રના લોકપાળના આભિયોગિક દેવોનો નિવાસ છે.

## ઇતિ પ્રથમમાહ્નિકમ્

# અથ દ્વિતીયમાન્હિકમ્

## મહાવિદેહ ક્ષેત્ર

નિષધ અને નીલવંત પર્વતના મધ્યમાં મહાવિદેહ નામનું ક્ષેત્ર નિષધ પર્વતથી બમણા (૩૩૬૮૪ યો. ને ૪ કળા) વિસ્તારવાળું અને મધ્યમાં પૂર્વપાશ્ચિમ એક લાખ યોજન લાંબું છે. તેના મધ્યમાં એક હજાર યોજન જમીનમાં ઉંડો અને ૯૯૦૦૦ યોજન ઉંચો, જમીનપર દશ હજાર યોજન અને ઉપર એક હજાર યોજન લાંબો પહોળો, (ગોળ), ત્રણ કાંડવાળો, ત્રણ લોકમાં વહેંચાયેલી મૂર્ત્તિવાળો, સર્વરત્નમય **મેરૂ** નામે પર્વત છે. પૃથ્વી, ઉપળ, વજ્ર અને શર્કરા (કાંકરા) વાળો તેનો પ્રથમ કાંડ એક હજાર યોજન પ્રમાણ છે. બીજો કાંડ અંક, સ્ફટિક, રજત અને રૂપ્યમય છે અને ત્રીજો ઉપરનો કાંડ જાંબૂનદરત્નમય છે. છેલા બેમાંનો પહેલો ૬૩૦૦૦ યોજન પ્રમાણ છે ને બીજો ૩૬૦૦૦ યોજન પ્રમાણ છે. તે પર્વતને અનુસરતા ભદ્રશાળ, નંદન, સૌમનસ અને પંડક નામના ચાર વનો છે. જમીન ઉપર ભદ્રશાળ વન છે. તે ચાર વક્ષસ્કાર (ગજદંતાકૃતિ) પર્વતોથી ચાર ભાગવાળું થયેલું છે. તે વન પૂર્વે અને પશ્ચિમે ૨૨૦૦૦ યોજન પહોળું છે અને ઉત્તર દક્ષિણે અઢીસો યોજન પહોળું છે.

મેરૂથી ૫૦ યોજન દૂર ચારે દિશાએ ભદ્રશાળ વનમાં ચાર સિદ્ધાયતનો છે તે હિમવત પર્વત પરના સિદ્ધાયતન જેવા છે. તથા તેટલી જ છેટી ચાર વિદિશાએ ચાર ચાર પુષ્કરિણીઓ

છે તે પચીશ યોજન પહોળી, પચાસ યોજન લાંબી અને દશ યોજન ઉંડી છે. તેના નામ–પદ્મા, પદ્મપ્રભા, કુમુદા ને કુમુદપ્રભા; ઉત્પળગુલ્મા, નલિની, ઉત્પલા ને ઉત્પલોજ્જ્વલા, ભૃંગા; ભંગનિભા, અંજના અને કર્જ્જલપ્રભા તથા શ્રીકાંતા, શ્રીમહિતા, શ્રીચંદ્રા ને શ્રીનિલયા છે. તે નામો ઇશાનદિશાના ક્રમથી જાણવા. તે પુષ્કરિણીઓના ને સિદ્ધાયતનના આંતરામાં એકેક પ્રાસાદ છે. તે પાંચશેં યોજન ઉંચા ને અઢીસો યોજન વિસ્તારવાળા છે. સિંહાસનવાળા છે. તેમાં દક્ષિણ તરફના બે શક્રેંદ્રના છે ને ઉત્તર તરફના બે ઇશાનઈંદ્રના છે. સીતા અને સીતોદાના બંને કિનારે એ ભદ્રશાળવનમાં બે બે કૂટ છે. તેના નામ પદ્મોત્તર, નીલ, સુહસ્તિ, અંજન, કુમુદ, પલાશ, વતંસ ને રોચનગિરિ છે. કુલ આઠ છે. તે સીતાની ઉત્તર બાજુના ક્રમથી જાણવા. તે હિમવત પર્વતપરના કૂટ જેવા છે અને પોતપોતાના નામવાળા દેવોના નિવાસવાળા છે.

મેરૂપર્વત ઉપર જમીનથી પાંચસો યોજન જઇએ એટલે નંદન નામનું વન છે. તે ફરતું પાંચસો યોજનના વિસ્તારવાળું છે. તેમાં ભદ્રશાળવનની જેમ ચાર દિશાએ સિદ્ધાયતન અને ચાર વિદિશાએ પ્રાસાદો છે. તેના મધ્યમાં ચાર ચાર પુષ્કરિણીઓ છે. તેના નામ–નંદોત્તરા, નંદા, સુનંદા, નંદિવર્ધના; નંદિષેણા, અમોઘા, ગોસ્તૂપા, સુદર્શના; ભદ્રા, વિશાળા, કુમુદા, પુંડરીકિણી; વિજયા, વિજયંતી, જયંતી ને અપરાજિતા છે. તે વનમાં સિદ્ધાયતન ને પ્રાસાદના આંતરામાં એકેક એમ કુલ આઠ કૂટ છે. તેના નામ–નંદન, મંદર, નિષધ, હમવત, રજત, રૂચક, સાગરચિત્ર અને વજ્ર છે. તે આઠ દિશાકુમા-

રિકાના સ્થાનભૂત છે. તે દિક્કુમારિકાના નામ-મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, સુવચ્છા, વચ્છમિત્રા, વારિષેણા અને બલાહકા છે. ( આ કૂટ પાંચસો યોજન ઉંચા હોવાથી એકંદર જમીનથી હજાર યોજન ઉચ્ચપણું થવાથી તે કૂટ પર રહેનારી દિક્કુમારિકા ઊર્ધ્વલોકવાસી કહેવાય છે. ) એ આઠ કૂટ ઉપરાંત નવમો બલકૂટ ઇશાનકૂણમાં છે. તે હજાર યોજન ઉંચો છે, મૂળમાં હજાર યોજન વિસ્તારે છે ને ઉપર પાંચસો યોજન વિસ્તારવાળો છે. તેની ઉપર **બલ** નામના દેવનો નિવાસ છે. તે સર્વની રાજધાનીઓ અસંખ્ય દ્વીપો પછીના બીજા જંબૂદ્વીપમાં પોતપોતાની દિશાએ છે. ત્યાં તેમનો નિવાસ છે.

નંદન વનથી ૬૨ાા હજાર યોજન ઉપર જઇએ ત્યારે સૌમનસ નામનું વન આવે છે. તે નંદનવનની જેવું જ પાંચસો યોજન ફરતું પહોળાઈમાં છે. તેમાં નંદનવન પ્રમાણે આઠ કૂટો નથી. સિદ્ધાયતનો ૪ ને પ્રાસાદો ૪ છે. પુષ્કરિણીઓ ૧૬ છે તેના નામ-સુમના, સૌમનસા, સૌમનાંશા ને મનોરમા; ઉત્તરકુરૂ, દેવકુરૂ, વીરસેના ને સરસ્વતી; વિશાળા, માઘભદ્રા, અભયસેના ને રોહિણી; ભદ્રોત્તરા, ભદ્રા, સુભદ્રા ને ભદ્રાવતી છે. તેનું પ્રમાણ વિગેરે ભદ્રશાળવન પ્રમાણે જાણવું.

સૌમનસ વનથી ૩૬૦૦૦ યોજન ઉપર જઈએ ત્યારે પંડક નામનું વન આવે છે. તે ફરતું ગોળ ૪૯૪ યોજન પહોળું છે. તે વનના મધ્યમાં ૪૦ યોજન ઉંચી, મૂળમાં ૧૨ યોજન લાંબી પહોળી ને ઉપર ચાર યોજન પહોળી ગોળ ચૂલિકા છે. તે વૈડૂર્યરત્નમય છે. પંડકવનમાં ચાર સિદ્ધાયતન છે, ચૂલિકા ઉપર એક સિદ્ધાયતન છે તે વિજયાર્ધ પર્વ-

તના કૂટ ઉપર છે તેવા પ્રમાણુવાળું છે. પંડકવનમાં કૂટો નથી; ૧૬ પુષ્કરિણીઓ છે તેના નામો: પુંડ્રા, પુંડ્રાભા, સુરક્તા ને રક્તવતી; ક્ષીરરસા, ઈક્ષુરસા, અમૃતરસા ને વારૂણી; શંખોત્તરા, શંખા, શંખાવર્તા ને બલાહકા; પુષ્પોત્તરા, પુષ્પવતી, સુપુષ્પા ને પુષ્પમાલિની છે. એ પાંડુકવનમાં ચાર જિનાભિષેક શિલા છે. તેના પાંડુબલા, અતિપાંડુબલા, રક્તબલા ને અતિરક્તબલા-નામ છે. તે ચાર યોજન જાડી પાંચસો યોજન લાંબી, અઢીસો યોજન પહોળી અને અર્ધચંદ્રાકારવાળી છે. અર્જુન કનકમય છે. ચારે દિશાએ ત્રણ ત્રણ સોપાનવાળી છે. વેદિકા, વનખંડ, તોરણ, ધ્વજ, છત્રાદિ યુક્ત છે. તે શિલાપૈકી પૂર્વ પશ્ચિમ દિશાની બે શિલા ઉપર બે બે સિંહાસનો છે અને ઉત્તર દક્ષિણની બે શિલા ઉપર એકેક સિંહાસન છે. તે સિંહાસનો પાંચસો ધનુષ્ય લાંબા પહોળા ને અઢીસો ધનુષ્ય પૃથુ ( જાડા ) છે. પૂર્વ પશ્ચિમ દિશાના સિંહાસનો ઉપર મહાવિદેહ ક્ષેત્રમાં એક સાથે જન્મતા ચાર તીર્થંકરોનો જન્માભિષેક થાય છે અને ઉત્તર દક્ષિણના સિંહાસનો ઉપર ભરત ઐરવતમાં જન્મતા એકેક તીર્થંકરોનો જન્માભિષેક થાય છે.

## ઇતિ મેરૂવર્ણન

મેરૂપર્વતની ચારે દિશાએ ગજદંતાની આકૃતિવાળા ચાર વક્ષસ્કાર પર્વતો છે. તેના સામનસ, વિદ્યુત્પ્રભ, ગન્ધમાદન ને માલ્યવન્ત નામ છે. તે પૂર્વે, દક્ષિણે, પશ્ચિમે ને ઉત્તરે સમજવા. તે અનુક્રમે રજત, તપનીય, કનક અને વૈડૂર્યમય છે. તે ચારેની ઉપર સાત, નવ, સાત અને નવ એ અનુ-

ક્રમે કૂટો છે. આ ગજદંતાઓ બહાર નિષધ ને નીલવંત પાસે ચારસો યોજન ઉંચા અને પાંચસો યોજન પહોળા છે. તે ઉંચાઈમાં માત્રાએ વધતા વધતા મેરૂપાસે પાંચસો યોજન ઉંચા છે અને વિસ્તારમાં ઘટતા મેરૂપાસે અંગુળના અસંખ્યાતમા ભાગ જેટલા છે. અશ્વસ્કંધની આકૃતિવાળા છે. ૩૦૨૦૯ યોજન ને છ કળા લાંબા છે. (તેને બમણું કરવાથી તે ક્ષેત્રનું ધનુપૃષ્ઠ થાય છે) તે ચારે વક્ષસ્કાર ઉપર પ્રથમ સિદ્ધાયતનકૂટ હિમવત્ પર્વત સમાન છે અને પ્રથમ સૌમનસ વક્ષસ્કાર ઉપર બીજા છ સૌમનસ, મંગળાવતી, દેવકુરૂ, વિમળ, કાંચન ને વિશિષ્ટ નામના કૂટો છે. વિમળ ને કાંચન નામના બે કૂટ ઉપર બે તોયધારા ને **વિચિત્રા** નામની દિક્કુમારીનો નિવાસ છે. બીજા વિદ્યુત્પ્રભ ગજદંતા ઉપર વિદ્યુત્પ્રભ, દેવકુરૂ, પદ્મ, કનક, સ્વસ્તિક, સીતોદા, સદાજળ ને હરિ નામના સિદ્ધાયતન કૂટ પછી આઠ કૂટો છે. તેમાં કનક ને સ્વસ્તિક કૂટ ઉપર **પુષ્પમાળા ને અનિન્દિતા** નામની બે દિક્કુમારીઓનો નિવાસ છે. ત્રીજા ગન્ધમાદન ગજદંતા ઉપર સિદ્ધાયતન કૂટ પછી ગન્ધમાદન, ગન્ધિલાવતી, ઉત્તરકુરૂ, સ્ફાટિક, લોહિત ને આનંદ નામના છ કૂટો છે. તેમાં સ્ફાટિક ને લોહિત કૂટ ઉપર **ભોગંકરા ને ભોગવતી** નામની બે દિશાકુમારિકાનો નિવાસ છે. ચોથા માલ્યવંત ગજદંતા ઉપર સિદ્ધાયતન કૂટ પછી બીજા માલ્યવંત, ઉત્તરકુરૂ, કચ્છ, સાગર, રજત, સીતા, પૂર્ણભદ્ર અને **હરિસ્સહ** નામના આઠ કૂટો છે. તેમાં પાંચમા ને છઠ્ઠા સાગર ને રજતકૂટ ઉપર **સુભોગા ને ભોમાલિની** નામે બે દિક્કુમારીઓનો નિવાસ છે. તે કૂટોમાં હરિ ને હરિસ્સહ નામના બે કૂટો છે તે બલકૂટની જેવા હજાર

યોજન ઉંચા ને મૂળમાં હજાર યોજન પહોળા, ઉપર ૫૦૦ યોજન પહોળા છે. ( આ ચાર ગજદંતા ઉપરના આઠ કૂટ ઉપર જે આઠ દિક્કુમારીઓના નિવાસ છે તેનું મૂળસ્થાન તે તે કૂટ નીચે એક હજાર યોજને છે. તેથી તે અધોલોકવાસી કહેવાય છે. )

ઇતિ વક્ષસ્કાર ( ગજદંત ) વર્ણન

---

મેરૂપર્વતની ઉત્તરે અને નીલવંત પર્વતની દક્ષિણે ગન્ધમાદન ને માલ્યવત ગજદંતાની મધ્યે **ઉત્તરકુરૂ** નામે ક્ષેત્ર છે. તે ઉત્તર દક્ષિણ ૧૧૮૪૨ યોજન ને બે કળા પહોળું છે. સમ, રમ્ય અને મણિમય તૃણયુક્ત ભૂમિવાળું છે. વાપી, પુષ્કરિણી, ક્રીડાપર્વતો, ગૃહમંડપ તથા સુખસ્પૃશ્ય ને દૃશ્ય[1] શિલાપટ્ટકોથી મંડિત છે. વિવિધ પ્રકારના ગુલ્મ અને પુષ્પના વનોથી અલંકૃત અને ચિત્રવિચિત્ર વૃક્ષ અને લતાઓવડે શોભિત છે. નાનાપ્રકારની વનરાજીવાળું છે. ત્યાં રહેલા દશ પ્રકારના કલ્પવૃક્ષોમાં ૧ **મદ્યંગા** છે તે મદ્યના અંગભૂત મધુ, પ્રસન્ના અને શ્રેષ્ટ આસવાદિને ઝરનારાં છે, ૨ **ભૃંગા** છે તે કર્કરી, સ્થાળ, મણિભાજનાદિવડે યુક્ત છે, ૩ **તૂર્યંગા**–વિસ્રસાપરિણામે પરિણમેલા વિચિત્ર પ્રકારના વાજીત્રના શબ્દવાળા છે, ૪ **દીપશિખા**–દીપવિશેષનો પ્રકાશ આપનારા છે, ૫ **જ્યોતિષ**–સર્વરત્નસદૃશ પ્રકાશિત છે, ૬ **ચિત્રાંગા**–પ્રેક્ષામંડપના આકારવાળા વિચિત્ર કલ્પિત માલ્યવાળા છે, ૭ **ચિત્રરસા**–સ્વાદુ ભોજન તથા ખાદ્ય પદાર્થોથી સંપન્ન છે, ૮ **મણ્યંગા**–જેવા જોઇએ તેવા ભૂષણોવાળા છે, ૯ **ગેહાકારા**–એક ખંડવિગેરે વાળા ગૃહના

---

૧ સુખસ્પર્શવાળા ને જોવાથી આનંદ ઉપજે તેવા.

વિન્યાસવાળા છે અને ૧૦ **અનાગ્ન્યા**–વસ્ત્રોની સંપત્તિવાળા છે. ત્યાં સ્ત્રીઓ શુભ લક્ષણવાળી, પરમ રૂપશાળી, શૃંગારાદિની કળાને જાણનારી, જરા, વ્યાધિ, દૌર્ભાગ્ય અને શોકાદિ અનિષ્ટથી રહિત છે. પુરૂષો સુગંધી શ્વાસોચ્છવાસવાળા, પ્રસ્વેદ, મળ ને રજથી રહિત અને સારી કાંતિવાળા તેમ જ વજ્રઋષભનારાચ સંઘયણવાળા, સમચતુરસ્ત્ર સંસ્થાનવાળા તથા ત્રણ ગાઉ ઉંચા શરીરવાળા છે. સ્ત્રીઓ તે કરતાં કાંઇક ન્યૂન શરીરવાળી છે. ૨૫૬ પૃષ્ઠકરંડકવાળા ત્યાંના યુગળિકો છે. ભદ્રપ્રકૃતિવાળા, સંતોષી, યથારૂચિ ( મનપસંદ ) સ્થાનવાળા અને મિથુનધર્મવાળા છે. ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા છે અને અઠ્ઠમભક્તે–ત્રણ દિવસને આંતરે આહાર લેનારા છે. આહારમાં પૃથ્વી ( માટી ), પુષ્પ ને ફળ ખાનારા છે. શ્રેષ્ઠ છે, બાધા ( પીડા ) રહિત છે. વિવાહાદિ ક્રિયા વિનાના છે. ૪૯ દિવસ અપત્યયુગલનું પાલન કરનારા છે. સુખપૂર્વક મૃત્યુ પામનારા અને દેવગતિમાં જનારા છે.

તે ઉત્તરકુરૂ ક્ષેત્રમાં સીતાનદીના પૂર્વ ને પશ્ચિમ કિનારા પાસે રહેલા, નીલવંતપર્વતથી ૮૩૪ યોજન ને $\frac{૪}{૭}$ ને આંતરે બે યમક પર્વતો છે. તે હજાર યોજન ઉંચા અને મૂળમાં તેટલા જ વિસ્તારવાળા, ઉપર તેથી અર્ધવિસ્તારવાળા છે. કનકમય છે. તે બેની ઉપર બે યમકદેવના બે પ્રાસાદ છે. તે હિમવત્ પર્વતપરના પ્રાસાદ જેટલા પ્રમાણવાળા છે. નીલવંતપર્વતના ને યમકના આંતરા જેટલા જ અંતરે અંતરે આવેલા દક્ષિણ તરફ પૂર્વે નદીના વર્ણનમાં બતાવેલા નામવાળા પાંચ દ્રહો છે. તે ત્રણ સોપાન અને તોરણાદિ શોભાવાળા છે. તે દ્રહો પોતપોતાના નામવાળા દેવોના નિવાસભૂત છે. તે દ્રહોની બંને બાજુએ

પૂર્વે ને પશ્ચિમે દશ દશ કંચનગિરિ છે. તે સો યોજન ઉંચા, મૂળમાં તેટલા અને ઉપર અર્ધા વિસ્તારવાળા છે. તેની ઉપર કાંચનદેવોનો નિવાસ છે. તે કંચનગિરિ દ્રહોથી દશ યોજન અબાધ સ્થાનવાળા છે એટલે દ્રહોથી તેટલા દૂર છે. તે ઉત્તરકુરૂ ક્ષેત્રના પૂર્વાર્ધમાં જાંબૂનદમય જંબૂવૃક્ષનું પીઠ છે. તે પાંચશેં યોજન લાંબુ પહોળું છે. મધ્યમાં બાર યોજન જાડું છે. પ્રાંતે બે કોશ જાડું છે. તે પીઠને ચાર દિશાએ ચાર દ્વાર છે. તે પીઠ ઉપર વૈડૂર્યમણિ ને તપનીય વૃંતવાળો, જાંબૂનદમય, સુકુમાર અને રક્ત પલ્લવ, પ્રવાળ, તથા અંકુરને ધારણ કરનારો છે. વિચિત્રરત્નમય સુરભિ પુષ્પવાળો છે. તેના અમૃતરસ સદૃશ ફળો છે. તે વૃક્ષની પૂર્વદિશાની શાખા ઉપર ભવન છે અને બીજી ત્રણ દિશાની ત્રણ શાખા ઉપર પ્રાસાદ છે. મધ્યની **વિડિમા** ઉપર સિદ્ધાયતન છે. એ સર્વ વિજયાર્ધ પર્વત પરના સિદ્ધાયતનાદિના પ્રમાણવાળા છે. તે મૂળવૃક્ષની ફરતા પરિવારભૂત ૧૦૮ જંબૂવૃક્ષો છે. તે મૂળવૃક્ષ કરતાં અર્ધપ્રમાણવાળા છે. એ જ પ્રમાણે કુલ છ કટક (વલય) જંબૂવૃક્ષની ફરતા અર્ધ અર્ધ પ્રમાણવાળા છે અને તે વેદિકાવાળા છે. તે મૂળવૃક્ષપર જંબૂદ્વીપના સ્વામી **અનાદૃત** દેવનો નિવાસ છે. તેના પરિવારભૂત દેવોની સંખ્યા અને વૃક્ષોની સંખ્યા પદ્મદ્રહમાં રહેલા કમળોની સંખ્યા પ્રમાણે છે. તે વૃક્ષો બહારથી વૃત્તાકારવાળા છે. મૂળવૃક્ષ સો સો યોજનના પ્રમાણવાળા ત્રણ વનખંડથી પરિવૃત છે. પ્રથમ વનખંડમાં પચાસ યોજન જઇએ ત્યારે ચારે દિશામાં ભવન છે અને વિદિશામાં ચાર ચાર પુષ્કરિણીઓના મધ્યમાં એકેક પ્રાસાદ છે. પુષ્કરિણીઓ એક કોશ લાંબી, અર્ધકોશ પહોળી ને પાંચસો ધનુષ્ય

ઉંડી છે. તે નંદાપુષ્કરિણી જેવી છે. ભવન ને પ્રાસાદના મધ્યમાં એટલે આંતરામાં આઠ કૂટ છે તે જાંબૂનદમય છે. આઠ યોજન ઉંચા છે. તેટલા જ મૂળમાં વિસ્તારવાળા ને ઉપર તેથી અર્ધ એટલે ચાર યોજન વિસ્તારવાળા છે. તે આઠે કૂટો ઉપર સિદ્ધાયતનો છે. શાખા ઉપર અને વનમાં પૂર્વોત્તર એટલે ઇશાનકોણના પ્રાસાદમાં સિંહાસનો છે.

## ઇતિ ઉત્તરકુરૂ સંક્ષેપઃ

---

મેરૂપર્વતની દક્ષિણે ઉત્તરકુરૂની જેવું **દેવકુરૂ** ક્ષેત્ર છે. તે ક્ષેત્રમાં નિષધપર્વતને લગતા તેની ઉત્તરે ચિત્રવિચિત્ર કૂટ છે તે યમક પર્વત જેવા જ છે. પાંચ દ્રહો નિષધાદિ નામવાળા છે. તે ક્ષેત્રના પશ્ચિમાર્ધમાં શાલ્મલી નામનું વૃક્ષ છે. તેની ઉપર ગરૂડદેવનો નિવાસ છે. તેની પીઠ કૂટ વિગેરે જંબૂવૃક્ષ પ્રમાણે છે. પરંતુ આ રજતમય છે.

( જંબૂ ને શાલ્મલી બંને વૃક્ષો પૃથ્વીકાયમય છે. )

## ઇતિ દેવકુરૂ સંક્ષેપઃ

મહાવિદેહ ક્ષેત્રમાં ૩૨ વિજયો છે. તેમાં ઉત્તર બાજુની ૧૬ વિજયો વિજયાર્ધ પર્વત અને રક્તા રક્તવતીથી વિભક્ત થયેલી એટલે છ ખંડવાળી થયેલી છે. અને દક્ષિણની ૧૬ વિજયો વિજયાર્ધ પર્વત ને ગંગા સિંધુથી વિભક્ત થયેલી ભરતક્ષેત્ર પ્રમાણે છ ખંડવાળી છે. તે વિજયો ઉત્તર દક્ષિણ લાંબી ૧૬૫૯૨ યોજન ને બે કળા છે અને પૂર્વપશ્ચિમ ૨૨૧૩ યોજનમાં કાંઇક ન્યૂન વિસ્તારવાળી એટલે પહોળી છે. વિજયના વિસ્તાર જેટલા લાંબા દરેક વિજયમાં વિજયાર્ધ પર્વત છે. તેની ઉપર દશ

યોજન જતાં બંને બાજુ દશ દશ યોજન પહોળી વિદ્યાધરોની શ્રેણીઓ છે. તેમાં પંચાવન પંચાવન નગરો છે. તેની ઉપર દશ યોજને બંને બાજુ આભિયોગિક દેવોની શ્રેણીઓ છે. તેમાં દક્ષિણ બાજુની વિજયોમાં શકેંદ્રના લોકપાળોના સેવકોની અને ઉત્તર બાજુની વિજયોમાં ઈશાનેંદ્રના લોકપાળોના સેવકોની છે. દરેક વૈતાઢ્ય પર્વત ઉપર નવ નવ કૂટ છે. તેમાં બીજા ને આઠમા કૂટ પોતપોતાની વિજયના નામના દક્ષિણાર્ધ ને ઉત્તરાર્ધયુક્ત સંજ્ઞાવાળા છે. નિષધ ને નીલવંતના નિતંબ પાસે બત્રીશે વિજયમાં એકેક ઋષભકૂટ છે અને તે પર્વતોના નિતંબ પાસે રહેલા ૬૪ કુંડોમાંથી ગંગા સિંધુ, રક્તા ને ક્તવતી નદીઓ નીકળેલી છે. ઋષભકૂટો તે તે વિજયમાં થતા ચક્રવર્તીઓના નામવાળા છે. માગધ, વરદામ ને પ્રભાસ નામના ત્રણ ત્રણ તીર્થો દરેક વિજયમાં સીતા–સીતોદાને કીનારે છે.

પૂર્વવિદેહમાં ઉત્તર બાજુએ કચ્છ, સુકચ્છ, મહાકચ્છ, કચ્છાવતી, કચ્છાવર્ત, મંગલાવર્ત, પુષ્કર ને પુષ્કરવંત ( પુષ્ક--ળાવતી ) નામની ૮ વિજયો છે. પૂર્વવિદેહમાં દક્ષિણ બાજુએ વત્સ, સુવત્સ, મહાવત્સ, વત્સવતી, રમ્ય, રમ્યક, રમણીય ને મંગળવંત ( મગળાવતી ) નામની ૮ વિજય છે. પાશ્ચમમહાવિદેહમાં દક્ષિણ બાજુએ પદ્મ, સુપદ્મ, મહાપદ્મ, પદ્મવતી, શંખ, કુમુદ, નલિન ને નલિનવન્ત (નલીનાવતી) નામની ૮ વિજયો છે. પશ્ચિમમહાવિદેહમાં ઉત્તરબાજુએ વપ્ર, સુવપ્ર, મહાવપ્ર, વપ્રાવતી, વલ્ગુ, સુવલ્ગુ, ગંધિલ ને ગંધિલવંત ( ગંધિલાવતી ) નામની ૮ વિજયો છે.

માલ્યવંત ગજદંતાની પાસેથી પ્રદક્ષિણાના અનુક્રમે એ

બત્રીશ વિજયો જાણવી, તે વિજયો વક્ષસ્કાર ગિરિ અને અંતર નદીઓથી જુદી પડતી એટલે ઓતરામાં રહેલા ગિરિ અને નદીઓવાળી છે. આઠ આઠ વિજયોના સાત સાત આંતરામાં ચાર ચાર વક્ષસ્કાર ગિરિઓ ને ત્રણ ત્રણ અંતર નદીઓ છે.

મહાવિદેહક્ષેત્રમાં પૂર્વપશ્ચિમાર્ધ ને તેમાં દક્ષિણાર્ધને ઉત્તરાર્ધમાં વક્ષસ્કારપર્વતો વિજયપ્રમાણ લાંબા અને નિષધ નીલવંતપાસે ચારસો યોજન અને સીતા–સીતોદાપાસે પાંચસો યોજન ઉંચા છે. પહોળાઈમાં પાંચસો યોજન ઉપરનીચે સરખા છે. વક્ષસ્કારની આકૃતિવાળા છે. સર્વરત્નમય છે. તે દરેક વક્ષસ્કાર ઉપર પ્રથમ સિદ્ધાયતન નામનો પછી વક્ષસ્કારના નામનો અને પછી બંને બાજુની બે વિજયના નામના–એમ ચાર ચાર કૂટો છે. તેમાં નદીને લગતો સિદ્ધાયતન કૂટ છે. તે વક્ષસ્કાર કુલ સોળ છે. તેના નામો આ પ્રમાણે છે–ચિત્ર, પદ્મ (બ્રહ્મ), નલિન ને એકશૈલ; ત્રિકૂટ, વૈશ્રવણ, સુદર્શન ને અંજન; અંક, પદ્મવંત, આશીવિષ ને સુખાવહ; તથા ચંદ્ર, સૂર્ય, નાગ અને દેવ.[1] તે દરેક વિજયમાં એક એક મુખ્ય રાજધાની બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી છે. તેના નામો આ પ્રમાણે છે: ક્ષેમા, ક્ષેમપુરા, રિષ્ટા, રિષ્ટપુરા, ખડ્ગા, મંજૂષા, ઔષધિ ને પુંડરીકિણી; સુસીમા, કુંડળા, અપરાજિતા, પ્રભાકરા, અંકવતી, પદ્માવતી, શુભા અને રત્નસંચયા; અશ્વપુરી, મહાપુરી, સિંહપુરી, વિજયપુરી, રાજ્યા, વિરાજ્યા, અશોકા ને વીતશોકા; વિજયા, વિજયંતા, જયંતા ને અપરાજિતા, ચક્રપુરા, ખડ્ગપુરા, અવધ્યા ને અયોધ્યા.

અંતર નદીઓ જે વિજયોના આંતરામાં છે તેના નીકળ-

૧ ક્ષેત્રસમાસમાં નામમાં ફેરફાર છે.

વાના કુંડો રોહિતાનદીના પ્રપાતકુંડ જેવડા, તેમાં દ્વીપ પણ તે જ પ્રમાણવાળા અને સ્વદેવીના નામના આવાસવાળા છે. તે નદીઓને દરેકને ૨૮૦૦૦ નદીઓનો પરિવાર છે[૧] અને તે નીકળે ત્યાંથી સીતા–સીતોદામાં મળે ત્યાંસુધી એક સરખા સવાસો યોજનના પ્રવાહવાળી છે અને અઢી યોજન ઉંડી છે. તેના નામ: ગ્રાહવતી, હ્રદવતી ને પંકવતી; તપ્તજળા, મત્તજળા ને ઉન્મત્તજળા; ક્ષીરોદા, સિંહશ્રોતા ને અંતર્વાહિની તથા ઉર્મિમાલિની, ફેનમાલિની ને ગંભીરમાલિની છે.

મહાવિદેહક્ષેત્રની પૂર્વાંતે ને પશ્ચિમાંતે સીતા ને સીતોદામુખવન છે. તે બંને ઉદ્યાનો નદીની દક્ષિણ ને ઉત્તર બાજુ રહેલા છે. તે ઉદ્યાનો પર્વતસમીપે એક કળાના વિસ્તારવાળા ને બીજી બાજુએ એટલે નદીપાસે ૨૯૨૨ યોજન પહોળા છે. એકંદર ચાર વનો છે.

આ જંબૂદ્વીપના મહાવિદેહમાં જઘન્યકાળે ચાર તીર્થંકરો, ચક્રવર્તીઓ અને વાસુદેવ તથા બળદેવો હોય છે અને ઉત્કૃષ્ટકાળે ચોત્રીશ તીર્થંકરો અને ચક્રવર્તીઓ વિગેરે હોય છે.

ઇતિ મહાવિદેહ સંક્ષેપઃ

## ઇતિ દ્વિતીયાહ્નિકમ્

## ઇતિ જમ્બૂદ્વીપ વિચાર

---

૧ ગંગા સિંધુ તથા રક્તા રક્તાવળીનો પરિવાર તે જ તેનો પરિવાર જણાય છે. કારણકે બીજો પરિવાર હોય તો તેનું સ્થાન શું અને પરિવાર મળે તો પ્રવાહમાં વૃદ્ધિ થવી જોઇએ તે થયેલ નથી.

# અથ તૃતીયમાન્હિકમ્

જંબૂદ્વીપથી બમણા બમણા વિસ્તારવાળા દ્વીપસમુદ્રો પૂર્વ પૂર્વ દ્વીપસમુદ્રની ફરતા વલયાકૃતિવાળા છે. તે સર્વ શુભવર્ણાદિ નામવાળા છે. સંખ્યાએ અઢી ઉદ્ધારસાગરોપમના સમય પ્રમાણ છે. તે વેદિકાવાળા, દેવોને ક્રીડા કરવા યોગ્ય, વિચિત્ર રમ્ય ભૂમિભાગવાળા છે. અને અઢીદ્વીપ ને બે સમુદ્ર સિવાય માનુષોત્તરપર્વતથી બાહ્ય ભાગે રહેલા છે.

## લવણ સમુદ્ર

પ્રથમ જંબૂદ્વીપ ફરતો લવણસમુદ્ર છે. તે ગોતીર્થને આકારે છે. ઉંડાઈમાં માત્રામાત્રાએ ઉંડો થતો ૯૫૦૦૦ યોજન જઈએ ત્યારે એક હજાર યોજન ઉંડો થાય છે. એ જ પ્રમાણે સામી બાજુથી પણ ૯૫૦૦૦ યોજન આવતાં હજાર યોજન ઉંડો થાય છે. મધ્યના દશ હજાર યોજનમાં એકસરખો એક હજાર યોજન ઉંડો છે. જંબૂદ્વીપની જગતીથી ઉંચાઈમાં માત્રામાત્રાએ વધતાં ૯૫૦૦૦ યોજન જઈએ ત્યારે તેનું જળ સાતસો યોજન ઉંચું થાય છે. એ જ પ્રમાણે સામી બાજુથી પણ સમજવું. મધ્યના દશ હજાર યોજનમાં ૧૬૦૦૦ યોજન ઉંચી એકસરખી કિલ્લાજેવી શિખા છે. તેની ઉપર દિવસમાં બે વાર કાંઈક ન્યૂન અર્ધયોજનની વૃદ્ધિ થાય છે. તે સમુદ્રના મધ્યભાગમાં લાખ લાખ યોજન ઉંડા ચાર દિશાએ ચાર પાતાળકળશા વડવામુખ, કેયૂપ, યૂપ ને ઈશ્વર નામના છે. તેની એકહજાર યોજન જાડી વજ્રમય ઠીંકરી છે. મુખે ને તળે દશ હજાર યોજન

પહોળા છે. તે કળશમાં કાળ, મહાકાળ, વેલમ્બ અને પ્રભંજન દેવનો નિવાસ છે. (તે તેના અધિષ્ઠાતા છે.) મધ્યમાં એક લાખ યોજન (પેટાળે) છે. ઉંડાઇના લાખ યોજનના ત્રણ ભાગ કરતાં નીચેના ત્રીજા ભાગમાં માત્ર વાયુ, મધ્યના ત્રીજા ભાગમાં વાયુ ને જળ (મિશ્ર) અને ઉપરના ત્રીજા ભાગમાં માત્ર જળ છે. મોટા અલિંજર (ખાડા) ની આકૃતિ-વાળા છે. બીજા ક્ષુલ્લક (નાના) પાતાળકળશાઓ છે. તે હજાર યોજન ઉંડા તથા વચ્ચે પહોળા, મુખે ને તળે સો યોજન પહોળા ને દશ યોજનની ઠીકરીવાળા છે. તે પણ મુખ્યકળશની જેવા ત્રણ ભાગવાળા છે. આ નાના કળશોની મોટા કળશોના આંતરામાં નવ નવ પંક્તિઓ છે. નવપક્તિમાં મળીને એકેક દિશાએ ૧૯૭૧ હોવાથી ચારે દિશાના મળીને ૭૮૮૪ નાના પાતાળકળશાઓ છે.

એની શિખા ઉપર થતી વૃદ્ધિને અટકાવવા માટે અંદ-રની બાજુ ૪૨૦૦૦, ઉપર ૬૦૦૦૦ ને ધાતકીખંડ તરફ ૭૨૦૦૦ નાગકુમાર જાતિના દેવો કાયમ રહેલા છે. એકંદર ૧૭૪૦૦૦ દેવો છે. તે વેલંધર દેવો કહેવાય છે. તેના ગોસ્તૂપ, ઉદકાભાસ, શંખ ને ઉદકસીમ નામના ચાર વેલંધરપર્વતો લવણસમુદ્રમાં છે. તે કનક, અંક, રજત ને સ્ફટિકમય છે. તેના સ્વામી ગોસ્તૂપ, શિવક, શંખ ને મનોહ્રદ નામના દેવો છે. જંબૂદ્વીપની જગ-તીથી ૪૨૦૦૦ યોજન જઇએ ત્યાં લવણસમુદ્રમાં તે પર્વતો આવેલા છે. તે ૧૭૨૧ યોજન ઉંચા છે. નીચે ૧૦૨૨ યોજન પહોળા છે, ઉપર ૪૨૪ યોજન પહોળા છે. (મધ્યમાં ૭૨૩ યોજન પહોળા છે.) તેની ઉપર હિમવાન્ પર્વત ઉપર છે તેવા પ્રાસાદો છે. બીજા અનુવેલંધર દેવોના કર્કોટક, કાર્દમક, કૈલાસ ને

અરૂણપ્રભ નામના ચાર પર્વતો છે. તે સર્વરત્નમય છે. જંબૂદ્વીપની જગીતથી પૂર્વદિશાએ બાર હજાર યોજન જઇએ ત્યારે તેટલા જ પ્રમાણવાળા પૂર્વદિશાએ બે ચંદ્રના દ્વીપો છે ને પશ્ચિમદિશાએ બે સૂર્યના દ્વીપો છે. તે જ પ્રમાણે તેની સાથે લવણસમુદ્રના જંબૂદ્વીપ તરફના બે બે ચંદ્રના ને બે બે સૂર્યના દ્વીપો છે. સામી બાજુએ લવણસમુદ્રના બીજા બે ચંદ્ર ને બે સૂર્યના દ્વીપો છે. બે સૂર્યદ્વીપોના મધ્યમાં લવણસમુદ્રના સ્વામી **સુસ્થિત** દેવનો **ગૌતમ** નામે દ્વીપ છે. તેમ જ સમસ્ત દ્વીપોના સૂર્યચંદ્રોની તે તે નામના બીજા દ્વીપમાં રાજધાનીઓ છે. પર્વતપરના પ્રાસાદો હિમવત જેવા છે અને બીજા જંબૂદ્વીપમાં પાંચ રાજધાનીઓ ( સુસ્થિતદેવ સુધાંની ) છે. તે પૂર્વે ને પશ્ચિમના ક્રમ પ્રમાણે સમજવી.

લવણસમુદ્ર સિવાયના બીજા બધા સમુદ્રો અક્ષુભિત જળવાળા છે અને એકસરખા દ્વીપોની જગતીથી જ હજાર યોજન ઉંડાઇવાળા છે. હિમવાન્‌પર્વતની પૂર્વે ને પશ્ચિમ દિશાએ, વિદિશામાં, લવણસમુદ્રમાં બે બે ડાઢાઓ છે. તેની ઉપર ત્રણશેં યોજનથી સો સો યોજન વધતા અનુક્રમે સાત સાત અંતરદ્વીપો છે. એટલે જંબૂદ્વીપની જગતીથી ત્રણશેં યોજન દાઢા ઉપર જઇએ ત્યારે જગતીથી ત્રણશેં યોજન દૂર, ત્રણશેં યોજનના પ્રમાણવાળા, ચારે દિશાએ એકેક દ્વીપ છે. ત્યારપછી ચારસો યોજન જગતીથી દૂર, ચારસો યોજનને અંતરે, ચારસો યોજન લાંબા પહોળા ચાર દ્વીપો છે. એ પ્રમાણે ત્રણે બાબતમાં સો સો યોજન વધતા ચાર ચાર દ્વીપો છે. તેના નામ અનુક્રમે પૂર્વોત્તરના ક્રમે આ પ્રમાણે છે: એકોરૂક, આભાષિક, લાંગૂલિક ને વૈષાણિક; હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ ને શષ્કુળીકર્ણ; આદ-

શષ્કુલીકર્ણ? — 

શર્મુખ, મેષમુખ, હયમુખ ને ગજમુખ; અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ ને વ્યાઘ્રમુખ; અશ્વકર્ણ, સિંહકર્ણ, હસ્તિકર્ણ ને કર્ણપ્રાવરણ; ઉલ્કામુખ, વિદ્યુજ્જિહ્વ, મેઘમુખ ને વિદ્યુદ્દંત; ઘનદંત, ગૂઢદંત, વિશિષ્ટદંત ને શુદ્ધદંત. તેમાં હેમવંત ક્ષેત્રપ્રમાણે યુગળિક મનુષ્ય, તે તે દ્વીપના નામવાળા, આઠસો ધનુષ ઊંચા શરીરવાળા અને પલ્યોપમના અસંખ્યાતમા ભાગના (અસંખ્યાત વર્ષના) આયુષ્યવાળા છે. એ જ પ્રમાણે શિખરીપર્વતને પણ ચાર દાઢા છે અને તેની ઉપર ઉપરના જ નામવાળા ને પ્રમાણવાળા ૨૮ અંતરદ્વીપો છે. તેમાં ઉપર જણાવ્યા પ્રમાણેના જ યુગળિકો વસે છે. કુલ ૫૬ અંતરદ્વીપો છે.

### ઇતિ લવણોદધિ સમાસ

## ધાતકી ખંડ

ધાતકીખંડમાં દક્ષિણે ને ઉત્તરે બે ઈષ્વાકાર પર્વતો છે. તે એક હજાર યોજન પહોળા છે. પાંચસો યોજન ઊંચા છે અને ચાર લાખ યોજન લાંબા છે. પુષ્કરાર્ધમાં પણ તેવા જ બે પર્વતો તેટલા પહોળા ને ઉંચા પરંતુ આઠ લાખ યોજન લાંબા છે. સ્વપરિધિથી દ્વિગુણ વિસ્તારવાળા ગજદંતાકૃતિ વક્ષસ્કારો છે. તે બે મેખળાવાળા છે.[૧] વર્ષધર પર્વતો જંબૂદ્વીપથી બમણા વિસ્તારવાળા છે. પુષ્કરાર્ધમાં ચોગણા વિસ્તારવાળા છે. પહોળાઇમાં સર્વત્ર સરખા છે. લાંબા દ્વીપપ્રમાણ છે. દ્રહો, નદી,

૧ આ હકીકત સમજાણી નથી.

કુંડ, દ્વીપ, કાંચનગિરિ, યમક, ચિત્રવિચિત્ર, ઋષભકૂટ, વૃત્તવૈતાઢ્ય જંબૂદ્વીપ પ્રમાણે જ આયામવાળા છે. દીર્ઘશૈલ અને મુખ-વનનો આયામ ક્ષેત્ર પ્રમાણે સમજવો. નદીનો અવગાહ પોત-પોતાના વિસ્તારાનુસાર જાણવો. ધાતકીખંડમાં ૩૫૬૨૨૭ યોજન લાંબા વિદ્યુત્પ્રભ ને ગંધમાદન જાણવા અને ૫૬૯૧૫૯ યોજન લાંબા માલ્યવંત ને સોમનસ જાણવા. પુષ્કરાર્ધમાં ૧૬૨૬૧૧૬ યોજન લાંબા વિદ્યુત્પ્રભ ને ગન્ધમાદન જાણવા અને ૨૦૪૩૦૧૯ યોજન માલ્યવંત ને સોમનસ જાણવા. વંશધર ને ઇષ્વાકાર પર્વતનો વિસ્તાર બાદ કરતાં બાકી રહે તે પ્રારંભની, મધ્યની ને અંતની પરિધિના ૨૧૨ ભાગ પાડવા. તેવા એકેક ભાગ-વાળા બે ભરતક્ષેત્ર, ચાર ચાર ભાગવાળા બે હૈમવતક્ષેત્ર, સોળ સોળ ભાગવાળા બે હરિવર્ષક્ષેત્ર, ૬૪–૬૪ ભાગવાળા બે મહા-વિદેહ ને ૧૬–૧૬ ભાગવાળા બે રમ્યક ક્ષેત્ર, ચાર ચાર ભાગ-વાળા બે હૈરન્યવંતક્ષેત્ર અને એકેક ભાગવાળા બે ઐરવતક્ષેત્ર. એ પ્રમાણે કુલ ૨૧૨ ભાગની વહેંચણ સમજવી.

૧૭૮૮૪૨ યોજનમાં બે હજાર ઇષ્વાકારના બાદ કરી બાકી રહે તેના ૮૪ ભાગ કરવા. તેવા એકેક ભાગવાળા બે હેમવંત, ચાર ચાર ભાગવાળા બે મહાહિમવંત, સોળ સોળ ભાગવાળા બે નિષધ ને સોળ સોળ ભાગવાળા બે નીલવંત, ચાર ચાર ભાગવાળા બે રુક્મિ ને એકેક ભાગવાળા બે શિખરી પર્વતો જાણવા. એ પ્રમાણે કુલ ૮૪ ભાગની વહેંચણ કરવી. ધાતકીખંડના બે અને પુષ્કરાર્ધના બે એમ ચાર મંદર (મેરુ) પર્વતો ૮૪૦૦૦ યોજન ઊંચા જાણવા. નીચે ૯૪૦૦ યોજન પહોળા ને ઉપર એક હજાર યોજન પહોળા જાણવા. તેની ઉપર ૫૦૦ યોજને નંદનવન, ૫૫૫૦૦ યોજને સોમનસવન

અને ૨૮૦૦૦ યોજને પંડકવન જાણવા. તેમા મહાવિદેહમાં વિજયો કચ્છાદિ, વક્ષારા ચિત્રાદિ અને વિદ્યુત્પ્રભાદિ, નદીઓ ગંગાદિ, કુરુક્ષેત્રમાં આવેલા દ્રહો અને કાંચનપર્વતાદિ ધાતકીખંડના બંને વિભાગમાં–પૂર્વાર્ધ ને પશ્ચિમાર્ધમાં જંબૂદ્વીપના નામ પ્રમાણે નામવાળા અને કાંઈક નમતા છેડાવાળા જાણવા.

ઇતિ ધાતકીખંડ સમાસઃ

---

## કાળોદધિ

ધાતકીખંડની ફરતો કાળોદ (કાળોદધિ) આઠ લાખ યોજનના વિસ્તારવાળો, એક હજાર યોજન સરખો ઊંડો, ઓગણત્રીશ લાખ યોજનની શુચિવાળો અને વિજયાદિ ચાર દ્વારવાળો છે.

એક લાખ યોજન જંબૂદ્વીપ, બંને બાજુ મળીને ચાર લાખ યોજન લવણસમુદ્ર, બંને બાજુ મળીને આઠ લાખ યોજન ધાતકીખંડ ને બે બાજુ મળીને ૧૬ લાખ યોજન કાળોદધિ એ પ્રમાણે ૨૯ લાખ યોજન શુચિ જાણવી.

ઇતિ કાળોદધિ

---

## પુષ્કરાર્ધ દ્વીપ

માનુષોત્તર પર્વતે જેના બે વિભાગ કરેલા છે એવો પુષ્કરાર્ધ દ્વીપ ધાતકીખંડ પ્રમાણે જ ક્ષેત્ર અને પર્વતાદિવાળો છે.

પરંતુ તેમાં વર્ષધર પર્વતો ધાતકીખંડથી બમણા વિસ્તારવાળા (પહોળા) છે, જંબૂદ્વીપથી ચોગણા વિસ્તારવાળા છે ને આઠ લાખ યોજન લાંબા છે. સ્વપરિધિથી દ્વિગુણ વિસ્તારવાળા ગજ-દંતાકૃતિ :વક્ષારા છે. તે બે મેખળાવાળા છે.[1] પર્વતો પહોળાઇમાં સર્વત્ર સરખા છે. દ્રહ, નદી, કુંડ, દ્વીપ, કાંચન, યમક, ચિત્રવિચિત્ર, ઋષભકૂટ ને વૃત્તવૈતાઢ્ય જંબૂદ્વીપ જેટલા જ પ્રમાણુવાળા છે. દીર્ઘવૈતાઢ્ય અને મુખવનનો આયામ ક્ષેત્રાનુસાર જાણવો. નદીને અવગાહ પોતાના વિસ્તાર અનુસાર જાણવો. વર્ષધર પર્વતો અને ઇષુકારના પ્રમાણુના યોજને બાદ કરતાં બાકી રહે તે આદિ, મધ્ય ને અંત્યની પરિધિના ૨૧૨ ભાગ ધાતકીખંડ પ્રમાણે કરવા અને તેના ધાતકીખંડમાં પાડ્યા છે તે પ્રમાણે ૨૧૨ ભાગ પાડી ભરતાદિ ૧૪ ક્ષેત્રોનું પ્રમાણ સમજવું અને ક્ષેત્રોએ રોકેલા યોજનો અને ઇષ્વાકાર પર્વતના બે હજાર યોજન બાદ કરતાં બાકી રહે તેટલા યોજનના ૮૪ ભાગ કરવા અને તેના ધાતકીખંડમાં પાડ્યા છે તે પ્રમાણેના ભાગની પહોળાઇવાળા ૧૨ વર્ષધર પર્વતો સમજવા. આ ખંડમાં બે મેરુપર્વત ૮૪૦૦૦ યોજન ઊંચા છે અને તે મૂળમાં ૯૪૦૦ યોજન ને ઉપર એક હજાર યોજન પહોળા છે. તેની ઉપર ૫૦૦–૫૫૫૦૦ ને ૨૮૦૦૦ યોજને નંદન, સોમનસ ને પંડક વન છે.

ઇતિ પુષ્કરાર્ધ દ્વીપ

---

૧. બે બે ગજદંતાની મળીને એક પરિધિ અને ચાર ગજદંતાની મળીને બમણા વિસ્તારવાળી પરિધિ થાય અને બે મેખળા શબ્દે બે વિભાગ થાય આમ સમજાય છે.

## માનુષોત્તર પર્વત વિગેરે

માનુષોત્તર પર્વત વેલંધર પર્વત પ્રમાણે પ્રમાણવાળો એટલે ૧૭૨૧ યોજન ઊંચો, (૪૩૦ યોજન ને એક કોસ ઊંડો) ને નીચે ૧૦૨૨, મધ્યમાં ૭૨૩ અને ઉપર ૪૨૪ યોજન પહોળો છે; પરંતુ અર્ધ જવના આકારવાળો છે, એટલે કે આ બાજુના પુષ્કરાર્ધ તરફ સરખો છે ને બીજા પુષ્કરાર્ધ તરફ ઓછોવધતો પહોળો છે. સુવર્ણમય છે. વેદિકા વનખંડ યુક્ત છે. તેની અંદરના ભાગમાં મનુષ્યો છે અને ઉપર સુવર્ણકુમાર દેવોનો નિવાસ છે. તેની બહાર મનુષ્યો નથી. એની બહાર દેવો અને વિદ્યાધર મનુષ્યો જઇ શકે છે; સામાન્ય મનુષ્યો જઈ શકતા નથી. તેની બહાર બાદરાગ્નિ, મેઘ, વિદ્યુત્, નદીઓ અને કાળપરિવેષ નથી.

માનુષોત્તર પર્વત પ્રમાણે જ કુંડળ ને રુચક પર્વતો તે તે નામના દ્વીપના મધ્યમાં ચક્રાકારે છે.

કાલોદ, પુષ્કરવર સમુદ્ર ને સ્વયંભૂરમણ સમુદ્ર ઉદકના રસવાળા (મીઠા પાણીવાળા) છે. લવણસમુદ્ર ખારા પાણીવાળો છે. વારુણોદધિ વિચિત્ર પ્રકારની મદિરાજેવા પાણીવાળો છે. સાકર વિગેરે વિચિત્ર મિષ્ટ વસ્તુના ચોથા ભાગવાળા ગાયના દૂધ જેવા પાણીવાળો ક્ષીરસમુદ્ર છે. સારી રીતે કઢેલા અને તત્કાળના ઠરી ગયેલા ઘી જેવા પાણીવાળો ઘૃતવરસમુદ્ર છે. બાકીના સમુદ્રો [૧]ચતુર્જાતકસંયુક્ત કઢીને ત્રીજા ભાગને ઘટાડેલા ઇક્ષુના રસ જેવા પાણીવાળા છે.

---

૧. જાયફળ, જાવંત્રી, એલચી ને લવંગ એ ચાર જાતક કહેવાય છે.

લવણુસમુદ્ર, કાળોદધિ ને સ્વયંભૂરમણ સમુદ્ર બહુ મત્સ્યોવાળા છે, બીજા સમુદ્રો બહુ મત્સ્યવાળા નથી. વારુણ, ક્ષીર, ઘૃત ને ઇક્ષુરસવાળા ચાર તેમ જ પ્રથમના ૩ મળી સાત સમુદ્રો પછી[૧] આઠમો **નંદીશ્વર** નામનો દ્વીપ છે. તે વિવિધ પ્રકારના ઉદ્યાનોવાળો છે. દેવલોકની સ્પર્ધા કરે તેવો છે. જિનેંદ્રની પૂજાભક્તિ માટે આવતા દેવોથી ઘણો મનોહર છે. સ્વેચ્છાવડે વિવિધ પ્રકારના ભોગ ભોગવતા દેવોથી રમ્ય છે. તેમાં ક્ષેત્રના ૨૫ ભાગ કરતાં મધ્યના ૧૩મા વિભાગમાં ચાર દિશાએ ચાર અંજનગિરિઓ છે. તે બહારના ૪ મેરુ જેટલા (૮૪૦૦૦ યોજન) ઊંચા છે. મૂળમાં દશ હજાર યોજન ઝાઝેરા પહોળા છે, ઉપર એક હજાર યોજન પહોળા છે. તે ચારે પર્વતો ઉપર જિનાયતનો છે. તે સો યોજન લાંબા છે, પચાસ યોજન પહોળા છે અને ૭૨ યોજન ઊંચા છે. તે સિદ્ધાયતનને સોળ યોજન ઊંચા, આઠ યોજન પહોળા ને પ્રવેશવાળા, દેવ, અસુર, નાગ ને સુવર્ણ જાતિના દેવોના આવાસવાળા ચાર દિશાએ ચાર દ્વાર તે જ નામના છે. તે પ્રાસાદના મધ્યમાં મણિપીઠિકા સોળ યોજન લાંબીપહોળી ને આઠ યોજન જાડી છે. તેની ઉપર દેવચ્છંદક મણિપીઠિકા કરતાં કાંઇક અધિક આયામ ને ઊંચાઇવાળો છે. સર્વરત્નમય છે. તે દરેક સિદ્ધાયતનમાં દેવચ્છંદા ઉપર ૧૦૮ પ્રતિમાઓ જિનેશ્વરના માનવાળી છે. તે પોતપોતાના પરિવારવાળી છે. તે સિદ્ધાયતન પુષ્પદામ, ઘંટા, લંબૂષ, ઘંટિકા, અષ્ટમંગળ, તોરણ અને ધ્વજાવાળા છે. તપનીયમય રજ અને વાલુકાના પ્રસારવાળા છે. સોળ પૂર્ણકળશાદિથી ભૂષિત છે અને આયતનના

---

૧. ઉપલક્ષણથી સાત દ્વીપોની પણ પછી.

માનવાળા મુખ્યમંડપ, પ્રેક્ષામંડપ, અક્ષપાટક, મણિપીઠિકા, સ્તૂપ, પ્રતિમા, ચૈત્યવૃક્ષ, ઇંદ્રધ્વજ, પુષ્કરિણી વિગેરેની ક્રમસર રચનાવાળા છે. નાનામણિમય છે. તે અંજનગિરિઓની ચારે દિશાએ લાખ યોજનના પ્રમાણવાળી ચાર ચાર પુષ્કરિણીઓ છે. તેના નામો–નંદિષેણા, અમોઘા, ગોસ્તૂપા અને સુદર્શના; નન્દોત્તરા, નન્દા, સુનન્દા ને નન્દિવર્ધના; ભદ્રા, વિશાળા, કુમુદા ને પુંડરીકિણી; વિજયા, વૈજયંતી, જયંતી ને અપરાજિતા છે. તે પૂર્વદિશાના ક્રમથી જાણવી. તે સોળે વાપિકાઓમાં એકેક દધિમુખ પર્વત છે. તે ઉપરના ભાગમાં વેદિકા ને ઉદ્યાનવાળા છે. તે ૬૪૦૦૦ યોજન ઊંચા છે ને નીચે તથા ઉપર એકસરખા દશ હજાર યોજન પહોળા છે. સ્ફટિકમય છે. તે પર્વત ઉપર અંજનગિરિ જેવા જ સિદ્ધાયતનો છે. આ નંદીશ્વર દ્વીપમાં વિદિશામાં ચાર રતિકરો દશ હજાર યોજન લાંબા પહોળા અને એક હજાર યોજન ઊંચા (જાડા) સર્વરત્નમય ને ઝાલરના આકારવાળા (ચપટા) છે. (અન્યત્ર ૩૨ કહ્યા છે.) તે દ્વીપમાં દક્ષિણે સૌધર્મેન્દ્રની ઇંદ્રાણીઓની અને ઉત્તરે ઇશાનેંદ્રની ઇંદ્રાણીઓની બંને બાજુ આઠ આઠ હોવાથી કુલ ૩૨ રાજધાની લાખ લાખ યોજનના પ્રમાણવાળી છે. તેના નામો–સુજાતા, સોમનસા, અર્ચિમાલી, પ્રભંકરા; પદ્મા, શિવા, શુચિ, અંજના; ભૂતા, ભૂતાતંસા, ગોસ્તૂપા, સુદર્શના; અમલા, અપ્સરા, રોહિણી, નવમી; રત્ના, રત્નોચ્ચયા, સર્વરત્ના, રત્નસંચયા; વસુ, વસુમિત્રા, વસુભાગા, વસુંધરા; નન્દોત્તરા, નન્દા, ઉત્તરકુરુ, દેવકુરુ; કૃષ્ણા, કૃષ્ણરાજી, રામા ને રામરક્ષિતા છે. આ પ્રમાણે પૂર્વદિશાના ક્રમથી જાણવી. આ દ્વીપમાં આવીને દેવો સર્વ પ્રકારની સંપત્તિવાળા સ્વપરિવાર

સહિત, પોતપોતાના પરિકરથી પરિવરેલા, પર્વતિથિએ સુરાસુર ને વિદ્યાધરાદિકોએ પૂજિત જિનાયતનોમાં હર્ષિત મનથી અષ્ટાહ્નિકી પૂજા (અષ્ટાહ્નિકા મહોત્સવ) કરે છે.

ઇતિ નંદીશ્વરદ્વીપ સમાસ

ઇતિ તૃતીયમાહ્નિકમ્

# અથ ચતુર્થમાન્હિકમ્

## ગણિત વિગેરે અનેક બાબતો

વિષ્કંભનો વર્ગ કરી તેને દશગુણા કરી તેનું વર્ગમૂળ કાઢવાથી વૃત્તક્ષેત્રની **પરિધિ** આવે છે. તે પરિધિને વિષ્કંભના ચોથા ભાગે ગુણવાથી **ગણિતપદ** આવે છે. જંબૂદ્વીપના વિષ્કંભને જેની જીવા કાઢવી હોય તેના અવગાહથી ઊણુ કરી, તેને તદ્‌ગુણ કરી પછી ચારગુણા કરી વર્ગમૂળ કાઢવું તેનું નામ **જયા** કહેવાય છે. ઇષુનો વર્ગ કરી તેને છગુણા કરી જયાના વર્ગમાં નાખી તેનું વર્ગમૂળ કાઢવાથી **ધનુઃપૃષ્ટ** આવે છે. ઇષુને ચારગુણા કરી વર્ગયુક્ત કરી ભાંગેલા જયાના વર્ગને **વિષ્કંભ** કહે છે.[1] ધનુઃપૃષ્ટના વર્ગમાંથી જયાના વર્ગને બાદ કરી તેના છ ભાગ કરી તેનું વર્ગમૂળ કાઢવાથી **ઇષુ** આવે છે. મોટા ધનુઃપૃષ્ટમાંથી નાના ધનુઃપૃષ્ટને બાદ કરતાં જે આવે તેનું અર્ધ તે **બાહા** કહેવાય છે.

૧ આ રીતિ સમજાણી નથી.

સર્વ ગિરિની શ્રેણીના શિખરતળ, કૂટ, કુંડ, વન, નદી, મુખવન, નદી નીકળવાના દ્રહ, શિલા, વાપી વિગેરે વેદિકા વનખંડથી આવૃત્ત જાણવા. વાવ, કુંડ ને દ્રહ દશ યોજન ઊંડા જાણવા. કમળો ને સમુદ્રમાં આવેલા ગિરિ ને દ્વીપો પાણીથી બે કોસ ઊંચા જાણવા. મેરુ, અંજનગિરિ, દધિમુખ, કુંડળ ને રૂચક પર્વતો એક હજાર યોજન જમીનમાં ઊંડા જાણવા, બીજા પર્વતો ઊંચાઇના ચોથા ભાગે જમીનમાં જાણવા. એકેક દ્વીપથી સમુદ્ર અને સમુદ્રથી દ્વીપ બમણા બમણા વિસ્તાર-વાળા જાણવા. જંબૂદ્વીપમાં તેના વિષ્કંભના ૧૯૦ ભાગ કરી તેવા એક, બે, ચાર, આઠ, સોળ, બત્રીશ તથા ચોસઠ ગુણો તથા પાછા બત્રીશ, સોળ, આઠ, ચાર, બે ને એક ગુણો ભરતાદિ ક્ષેત્રો ને પર્વતોનો વિષ્કંભ એટલે પહોળાઈ જાણવી. દરેક નદીઓ નીકળે ત્યાં જેટલો પ્રવાહ હોય તેથી દશગુણો પ્રાંતે ( મુખે ) જાણવો. પહોળાઈના પચાસમે ભાગે તેની ઊંડાઇ જાણવી. દ્રહના વિસ્તારથી એંશીમા ભાગનો વિસ્તાર (પહોળાઇ) દક્ષિણ બાજુની નદીઓની જાણવી. ઉત્તરદિશાની નદીઓની ચાળીશમે ભાગે પહોળાઈ જાણવી. મેરુની ઉત્તરબાજુની નદીઓમાં તેથી વિપર્યય જાણવો. પ્રવાહ ને મુખના વિસ્તારનો વિશ્લેષ કરી તેના અર્ધ-ભાગને સાડીચુમાળીશ હજારે ભાંગતા જે આવે તેટલી નદીની બંને બાજુએ પ્રવાહમાં વૃદ્ધિ સમજવી.

૧૭૮૮૪૨ યોજનમાંથી ઇષુકારના બે હજાર બાદ કરી તેના ચોરાશી ભાગ કરી પોતાના ગુણાકારે ગુણતાં જે આવે તે ધાતકીખંડના પર્વતોનો વ્યાસ જાણવો. તે કરતાં બમણો પુષ્કરાર્ધના પર્વતોનો વ્યાસ જાણવો.

પર્વતના વ્યાસના અર્ધમાંથી દ્રહનો વ્યાસ બાદ કરતાં જે આવે એટલી નદીઓની પર્વતપર ગતિ સમજવી.

ધાતકીખંડમાં ૧૯૩૦૩ યોજન ગિરિના મસ્તક ઉપર પૂર્વગંગાની અને પશ્ચિમે સિંધુની ગતિ જાણવી. એટલી જ રક્તા ને રક્તવતીની જાણવી. તેથી બમણી પુષ્કરાર્ધના પર્વતોપર તે નદીઓની ગતિ જાણવી. બધી નદીઓ પૂર્વ પૂર્વ કરતાં બમણી બમણી નદીઓના પરિવારવાળી જાણવી. મુખવન, વખારા પર્વત, અંતરનદી ને મેરૂનો વ્યાસ તથા ભદ્રશાળવનની પહોળાઈ બાદ કરતાં જે રહે તેના સોળમા ભાગે એકેક વિજયની પહોળાઇ જાણવી. તે સિવાય બીજાનો વ્યાસ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવો.

ઇતિ કરણાધિકારઃ

જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકીખંડ, કાળોદધિ, પુષ્કરવર, વરૂણ, ક્ષીર, ઘૃત, ઇક્ષુરસ ને નંદીશ્વર, અરૂણ, અરૂણવર, અરૂણવરાભાસ,[1] કુંડળ, રૂચક, અરૂણ, ત્યારપછી વસ્ત્ર, ગંધ, ઉત્પલ, તિલક, પૃથિવી, નિધાન, રત્ન, વર્ષધર, હ્રદ, નદી, વિજય, વક્ષાર, કલ્પ,

---

૧ આ પ્રમાણે નામ, વર સહિતનામ ને વરાભાસ સહિત નામ આમ ત્રિપ્રત્યયાવતાર યાવત્ સૂર્યવરાભાસ સુધી સમજવા. કુંડળ, રૂચક ને અરૂણમાં તે પ્રમાણે ન કરવાનુ પણ કેટલેક સ્થળે કહેલ છે. એ પ્રમાણે ગણતાં આઠમા નંદીશ્વર દ્વીપથી નવમો અરૂણ ને દશમો કુંડળ તથા ૧૧ મો રૂચક આવે છે. બીજી રીતે કુંડળ ૧૧ મો ને રૂચક ૧૩ મો આવે છે. આવા મતાંતર લઘુક્ષેત્રસમાસની વૃત્તિમાં બતાવેલ છે. છેલ્લા દેવ, નાગ, યક્ષ, ભૂત અને સ્વયંભૂરમણ એ પાંચ નામના દ્વીપોમાં ત્રિપ્રત્યયાવતાર નથી, એમ બધા ગ્રંથોમાં કહેલ છે.

ઈંદ્ર, પુર, મન્દર, આવાસ, કૂટ, નક્ષત્ર અને ચંદ્રના નામવાળા અસંખ્ય દ્વીપસમુદ્રો પછી છેવટે સૂર્ય, સૂર્યવર, સૂર્યવરાભાસ, દેવ, નાગ, યક્ષ, ભૂત, અને સ્વયંભૂરમણ પર્યંત દ્વીપો અને સમુદ્રો છે.

## ઇતિ જંબૂદ્વીપ સમાસઃ

'**कृतिः**' એટલે જંબૂદ્વીપનો પ્રસ્તાવ હોવાથી જંબૂદ્વીપસમાસ નામના પ્રકરણરૂપ આ ક્રિયા **શ્વેતાંબરાચાર્ય** એટલે શ્વેતાંબરના ગુરુ, **મહાકવિ** એટલે તત્ત્વાર્થ, પ્રશમરતિ વિગેરે અનેક પ્રવચનના સંગ્રહને કરનારા શ્રી ઉમાસ્વાતિ વાચકની છે. તે વિષે વિદ્વાનોના સમૂહવડે જેમના ચરણકમળ સારી રીતે પૂજાયેલા છે તથા શ્રી ચૌલુક્ય (કુમારપાળ રાજા)ના મુગટરૂપી ચંદ્રવડે જેમના ચરણ પૂજાયા છે તથા ચૌલુક્યવંશરૂપ મુકુટ વિષે ચન્દ્રસમાન શ્રી કુમારપાલ રાજાએ જેઓના ચરણોની અર્ચના કરી છે એવા કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે શ્રી સિદ્ધહેમચંદ્ર નામના સ્વોપજ્ઞ શબ્દાનુશાસનને વિષે "**उमास्वाति संग्रहीतारः**" ( ૧૧–૨–૩૯ ) "આનો સંગ્રહ કરનાર ઉમાસ્વાતિ વાચક છે." સંગ્રહ કરનાર મહર્ષિઓમાં સર્વથી પ્રથમ ઉમાસ્વાતિ છે." એમ કહ્યું છે. તેથી મોટા વૈયાકરણી ઉમાસ્વાતિ વાચક કે જે અન્વર્થ ( સાર્થક ) એવા પોતાના પૂર્વ વંશજો–અર્થાત્ માતા તથા પિતા સહિત સારી રીતે ગ્રહણ કરવા લાયક નામવાળા છે. કારણકે આ સંગ્રહકર્તાની માતા ઉમા અને પિતા સ્વાતિ હતા તેથી તે સંબંધને લઈને **ઉમાસ્વાતિ** કહેવાય છે. તેઓ વાચક એટલે પૂર્વધર હતા. યતઃ પ્રજ્ઞાપનાની "ટીકામાં વાચક–પાઠક એટલે પૂર્વને જાણનાર" એમ લખ્યું છે.

## ટીકાકારનો પ્રાંત ઉલ્લેખ

કોઈ ઠેકાણે શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિનો, કોઇ ઠેકાણે કરણીનો, કોઈ ઠેકાણે જીવાભિગમનો, કોઈ ઠેકાણે બીજા શાસ્ત્રાર્થનો, કોઇ ઠેકાણે વાણીની વૃત્તિનો અને કોઈ ઠેકાણે શ્રેષ્ઠ વિદ્વાનોના વચનનો આશ્રય લઇને મેં આ મહા (ગંભીર) અર્થવાળા પણ ગ્રંથની વ્યાખ્યા કરી છે. ૧.

આ સૂત્રની મને મળેલી લખેલી પ્રતિ બરાબર સ્પષ્ટ નથી (જીર્ણ છે) અને મારી મતિ પણ અસ્પષ્ટ છે, પરંતુ પોતાનો ગામડીયો વાસ હોય છતાં પણ અહો! મારે અહીં શી રીતે રહેવું? એમ વિચાર ન કરાય. મારે તો ક્રિયાની સિદ્ધિમાં નમ્ર જનોને કલ્પલતા સમાન શ્રીપાર્શ્વનાથ પ્રભુના ચરણની મોટી સ્તુતિ જ એક કારણ છે. ૨

શ્રી વિક્રમ રાજાથી અનુક્રમે બારસો ને પંદર (૧૨૧૫) વર્ષ વ્યતીત થયા ત્યારે પલ્લિપુરીમાં શરદ્‌ઋતુમાં સાહારગૃહ (ઉપાશ્રય)ને વિષે આ મનોહર વૃત્તિ મેં કરી છે. ૩.

આ વૃત્તિમાં અનાભોગને લીધે તથા મતિની મંદતાને લીધે જે કાંઇ અન્યથા લખાયું હોય તે પરોપકારમાં જ તત્પર મનવાળા સજ્જનોએ સુધારવું. ૪.

## ટીકાકારની પ્રશસ્તિ

ક્ષમાભૃત્‌ની જેવા ઉદય પામેલા અદ્‌ભુત મોટા સત્ત્વવાળો, અચિંત્ય રૂચિવાળી પવિત્ર શીલની સ્થિતિને ધારણ કરનારો, મોટા તેજના મહિમાવાળો અને પૃથ્વીપર (સર્વ લોકને) વંદનીય

પાદવાળો આ ઉન્નત શ્રીચંદ્રગચ્છ ઉદયાદ્રિ પર્વતની જેવો પ્રશસ્ત છે. ૧.

આ ચંદ્રગચ્છમાં કામદેવનો નાશ કરનાર, અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવામાં હેતુરૂપ તથા અન્ય જીવોને તારવાની રૂચિવાળા સૂર્યસમાન શ્રીઅભયદેવ પ્રભુ ઉદય પામ્યા છે. ૨.

આ જગતમાં દક્ષિણ દિશામાં નિવાસ કરતાં છતાં પણ ઉત્તરદિશામાં ઉદય પામીને વાદરૂપી મોટા સમુદ્રને ઉતરીને તેમણે આ વિશ્વ અત્યંત પ્રકાશિત કર્યું છે. ૩.

તેમના ( અભયદેવ સૂરિના ) શિષ્ય ધનેશ્વર પ્રભુ થયા છે. તેઓ અસંખ્ય ગુણના સમૂહરૂપ સૂર્યના ઉદયવડે ઉલ્લાસ પામેલા, કવિઓના હર્ષને માટે નિર્મલ સત્ સ્વરૂપને અત્યંત વિસ્તારતા અને દોષાગમના દ્વેષ કરનાર હતા. તથા આ લોકને વિષે નયના રાગના સંગવડે સુભગ એવા પદ્મના સરખું આચરણ કરતા છતાં પણ ભવ્યરૂપી ભ્રમરાઓવડે સેવાતા હતા. ૪.

આ ચાર શ્લોકનો અર્થ વિશેષ સ્પષ્ટતા સાથે પં. શ્રી ધર્મવિજયજીએ લખી મોકલેલ છે તે નીચે પ્રમાણે—

**तुङ्गः क्षमाभृद्०—**

[ ગુણોની અપેક્ષાએ ] ઉન્નત, ક્ષમાને ધારણ કરનાર મુનિઓવડે જે ( ગચ્છ )ની અદ્ભૂત અને અને અતિશય પ્રશંસા કરવામાં આવી છે, પર્વતના જેવી નિશ્ચલ અચિન્ત્ય પ્રભાવાલી અને પવિત્ર મર્યાદાને જે ધારણ કરનાર છે, દેદીપ્યમાન તેજના મહિમાથી જે સંપન્ન છે. જે ( ગચ્છમાં વર્ત્તતા મુનિઓ ) ના ચરણકમલો જગતમાં વંદનીય છે એવો પ્રશંસનીય **શ્રીચંન્દ્રગચ્છ** ઉદયાચલની માફક શોભે છે.

જે અતિશય ઉંચો છે, પૃથ્વીને ધારણ કરનારો છે, અદ્ભૂત પરાક્રમવાળા સૂર્ય ) નો જેના ઉપર ઉદય થયો છે, [ સર્વ પર્વતોમાં ] અચિન્ત્ય કાન્તિ અને પવિત્ર એવી પર્વતની સ્થિતિને ધારણ કરનારો છે, ( અર્થાત્ સર્વ પર્વતોમાં જે શ્રેષ્ઠ અને પવિત્ર છે. ) જેનું તેજ અને મહિમા ઘણો મોટો છે, જેની તલાટી જગતમાં વંદનીય છે એવો પ્રશંસનીય **ઉદયા-ચલ પર્વત** શોભે છે.

**अच्छन्न०—**

કામદેવને જેમણે દબાવી દીધો છે, અજ્ઞાનના નાશમાં જેઓ હેતુભૂત છે, જેઓનો ઉત્તરોત્તર ઉદય વર્તે છે, (જગતનો) નિસ્તાર કરવાની જેઓની ઈચ્છા છે એવા શ્રી અભયદેવસૂરિ મહારાજ સૂર્ય સરખા શોભે છે.

( પોતાના ઉદયથી પારદારિક પુરૂષોની ) કામચેષ્ટાઓને જેણે દબાવેલ છે, ઉદય થયે છતે અંધકારના નાશનું જે કારણ છે, તારા ( ઉપલક્ષણથી નક્ષત્રાદિ ) ની કાન્તિ જેણે નષ્ટ કરી છે એવો સૂર્ય શોભે છે.

**जगतोहदोसणाशा०—**

આ જગતમાં દક્ષિણદિશામાં રહ્યા છતાં જેણે મોટા એવા લવણસમુદ્રનો પાર પામીને ઉત્તર દિશામાં ઉદય-પ્રકાશ કર્યો છે અને વિશ્વને જેણે પ્રગટ કર્યું છે (એવો સૂર્ય શોભે છે.)

( ભરતના ) દક્ષિણ ભાગમાં રહ્યા છતાં ઉત્તર દિશામાં જેમનો ઉદય વધુ પ્રમાણમાં છે અને શાસ્ત્રોના વાદરૂપી મહાન્

સમુદ્રનું ઉલ્લંઘન કરી ( જ્ઞાનવડે ) જગતનું સ્વરૂપ પ્રગટ કર્યું છે એવા અભયદેવસૂરિ મહારાજ.... .... .... )

**संख्यातीत०—**

અસંખ્ય ગુણના સમૂહવડે દેદીપ્યમાન ઉદયથી ઉલ્લાસવાળા, વિદ્વાન્ પુરૂષોના આનંદને માટે પોતાના આત્મસ્વરૂપને નિર્મલ અને સુંદર બનાવવાવાળા, દોષોના આગમનનો દ્વેષ કરનારા, ભવ્યાત્માઓની પંક્તિથી સેવાયલા, નીતિના રાગ તેમ જ સંગથી સૌભાગ્યનામકર્મના ઉદયવાળા અને અભયદેવસૂરિના શિષ્ય એવા **ધનેશ્વરસૂરિ મહારાજ** આ લોકમાં પદ્મના સરખા શોભે છે.

અસંખ્ય ગુણોના સમૂહથી યુક્ત એવો જે સૂર્ય તેના ઉદયથી આનંદ પામનાર, કવિઓના આનંદ માટે પોતાના સ્વરૂપને નિર્મળ તેમ જ પાંખડીઓવાળું કરનાર, ( સૂર્યના ઉદયથી પાંખડીઓ વિકસ્વર થાય છે તે અપેક્ષાએ ) રાત્રિના આગમનનો દ્વેષ કરનાર ( કારણકે સૂર્યનો અસ્ત થાય એટલે પદ્મ બીડાઇ જાય છે માટે ) સુંદર ભ્રમરાઓની પંક્તિથી સેવાએલ અને મર્યાદિત રંગના સંગથી સુભગ એવું **પદ્મ.**

---

આ ( ધનેશ્વરસૂરિ )ની વાણી તરફ રાજાની જેમ વાદીઓના સમૂહોએ પ્રથમ અવજ્ઞા કરી, પછી હાસ્ય કરવા લાગ્યા, પછી હુંકાર શબ્દ કરીને તેમની પાછળ જવા લાગ્યા, પછી કાંઇક ધ્યાન આપવા લાગ્યા, પછી હુંકાર અને ધ્યાન આપવા પૂર્વક વાચાળપણું ધારણ કરવા લાગ્યા, પછી શંકારૂપી ખીલાથી ખીલાઇ જવા લાગ્યા, પછી વિસ્મય પામીને નેત્રોનો વિકાસ

કરવા લાગ્યા અને છેવટે તેમની વાણીને ઇચ્છવા લાગ્યા અને શિખવવા લાગ્યા. ૫.

ત્યારપછી દેવના સમૂહોથી સ્તુતિ કરાતા અજિતસિંહ નામના સૂરિ તેમના (ધનેશ્વરસૂરિના) શિષ્ય થયા. તે તેમના આહાર કર્યા પછી આહારને કરનારા અને તેમના ગુલ્ફ જેટલા શરીરના પ્રમાણવાળા હતા. ૬.[1]

ત્યારપછી શ્રીવર્ધમાન નામના મુનીશ્વર થયા, ત્યારપછી ચંદ્રપ્રભ નામના પ્રભુ (સૂરિ) અને ત્યારપછી શ્રીભદ્રસૂરિ બૃહસ્પતિની જેવા અનંત શ્રેષ્ઠ ગુણવાન થયા. ૭.

તેમણે માર્ગમાં ( વિહારમાં ) પણ એકાંતર ઉપવાસવડે વિહાર કરી દીપોત્સવની વૃદ્ધિ કરનારી શ્રીવડોદરા નગરમાં પ્રસિદ્ધ રથશિર ચૂડામણિની યાત્રા કરી, તથા શ્રીમાન્ જિનેશ્વરની આજ્ઞા પ્રમાણે ઉર્જયંત તીર્થનો ઉદ્ધાર કર્યો. આ પ્રમાણે કરવાથી સર્વ દિશામાં તેમનો યશ હજુ સુધી સ્વેચ્છાએ વિલાસ કરે છે. ૮.

શ્રીવર્ધમાનસૂરિના શિષ્ય પંડિત જિનચંદ્રગણિમિશ્ર થયા, તેઓ કામદેવથી પરાભવ ન પામે તેવા, ગુરૂને માન્ય અને જ્ઞાની હતા. ૯.

તેઓ ગ્રંથ રચવામાં દક્ષ હતા તેથી નિરંતર ગુરૂના સુચરિત્રરૂપી પુષ્પોને સ્વેચ્છાથી ચુંટીને, ઘણા ( પાંચ ) વર્ણવાળી, સર્વદા સુગંધ (આનંદ)વડે પરિપૂર્ણ, મોટા ગુણોની ગુંથણીવાળી, વિશુદ્ધ અને નવીન નમસ્કારમાળા તેમણે રચી હતી. ૧૦

---

૧. આ છઠ્ઠા શ્લોકના પ્રથમ બે પાદનો અર્થ બરાબર સમજાણો નથી.

શ્રીસર્વદેવસૂરિ, પ્રદ્યુમ્નવિભુ (સૂરિ) અને યશોદેવપ્રભુ (સૂરિ) એ ત્રણ મુનીશ્વરો તેમનું શિષ્યપણું વહન કરતા હતા ( શિષ્યો હતા ). ૧૧.

શ્રીભદ્રેશ્વરસૂરિના શિષ્ય હરિભદ્રાચાર્ય નામના સદ્ગુરુ-થકી જ્ઞાનલક્ષ્મીને પામેલા જિનચંદ્રપૂજ્યના ચરણના અંતે-વાસી( શિષ્ય )પણાને આશ્રિત થયેલ સૂરિ શ્રીવિજયે આ વૃત્તિ રચી છે અને કલ્યાણમાળાને સેવનારા તેમના શિષ્ય મોટી દક્ષતાવાળા અભયચંદ્ર કે જેણે સૌથી પ્રથમ તેની પ્રત લખી છે.

**ઇતિ જંબૂદ્વીપ સમાસ ટીકા સમાપ્ત.**

---

## પૂર્વધર શ્રીઉમાસ્વાતિ વાચકવિરચિત

# પૂજા પ્રકરણ

## ( અર્થ સહિત )

स्नानं पूर्वामुखीभूय, प्रतीच्यां दन्तधावनम् ।
उदीच्यां श्वेतवस्त्राणि, पूजा पूर्वोत्तरामुखी ॥ १ ॥

गृहे प्रविशतां वाम–भागे शल्यविवर्जिते ।
देवतावसरं कुर्या–त्सार्धहस्तोर्ध्वभूमिके ॥ २ ॥

नीचैर्भूमिस्थितं कुर्या–द्देवतावसरं यदि ।
नीचैर्नीचैस्ततो वंशसन्तत्यापि सदा भवेत् ॥ ३ ॥

यथार्चकः स्यात्पूर्वस्या, उत्तरस्याश्च संमुखः ।
दक्षिणस्या दिशो वर्जे, विदिग्वर्जनमेव च ॥ ४ ॥

पश्चिमाभिमुखः कुर्या-त्पूजां जैनेन्द्रमूर्तये ।
चतुर्थसन्ततिच्छेदो, दक्षिणस्यामसन्ततिः ॥ ५ ॥

आग्नेय्यां तु यदा पूजा, धनहानिर्दिने दिने ।
वायव्यां सन्ततिर्नैव, नैर्ऋत्यां च कुलक्षयः ॥ ६ ॥

ऐशान्यां कुर्वतां पूजां, संस्थितिर्नैव जायते ।
अंह्रिजानुकरांसेषु, मूर्ध्नि पूजा यथाक्रमम् ॥ ७ ॥

श्रीचन्दनं विना नैव, पूजां कुर्यात्कदाचन ।
भाले कण्ठे हृदम्भोजो-दरे तिलककारणम् ॥ ८ ॥

नवभिस्तिलकैः पूजा, करणीया निरन्तरम् ।
प्रभाते प्रथमं वास-पूजा कार्या विचक्षणैः ॥ ९ ॥

मध्याह्ने कुसुमैः पूजा, संध्यायां धूपदीपयुक् ।
वामाङ्गे धूपदाहः स्या-दग्रपूजा तु संमुखी ॥ १० ॥

अर्हतो दक्षिणे भागे, दीपस्य विनिवेशनम् ।
ध्यानं च दक्षिणे भागे, चैत्यानां वन्दनं तथा ॥ ११ ॥

हस्तात्प्रस्खलितं क्षितौ निपतितं लग्नं क्वचित्पादयो-
र्यन्मूर्धोर्ध्वगतं धृतं कुवसनैर्नाभेरधो यद्धृतम् ।
स्पृष्टं दुष्टजनैर्घनैरभिहतं यद्दूषितं कीटकै-
स्त्याज्यं तत्कुसुमं दलं फलमथो भक्तैर्जिनप्रीतये ॥१२॥

नैकपुष्पं द्विधा कुर्या–न्न छिन्द्यात्कलिकामपि ।
चम्पकोत्पलभेदेन, भवेद्दोषो विशेषतः ॥ १३ ॥
गन्धधूपाक्षतैः स्रग्भिः, प्रदीपैर्बलिवारिभिः ॥
प्रधानैश्च फलैः पूजा, विधेया श्रीजिनेशितुः ॥ १४ ॥
शान्तौ श्वेतं जये श्यामं, भद्रे रक्तं भये हरित् ।
पीतं ध्यानादिके लाभे, पञ्चवर्णं तु सिद्धये ॥ १५ ॥
( शान्तौ श्वेतं तथा पीतं, लाभे श्यामं पराजये ।
मङ्गलार्थं तथा रक्तं, पञ्चवर्णं तु सिद्धये ॥ )
खण्डिते सन्धिते छिन्ने, रक्ते रौद्रे च वाससि ।
दानपूजातपोहोम–सन्ध्यादि निष्फलं भवेत् ॥ १६ ॥
पद्मासनसमासीनो, नासाग्रन्यस्तलोचनः ।
मौनी वस्त्रावृतास्योऽयं, पूजां कुर्याज्जिनेशितुः ॥ १७ ॥
स्नात्रं विलेपनविभूषणपुष्पवास-
धूपप्रदीपफलतन्दुलपत्रपूगैः ।
नैवेद्यवारिवसनैश्चमरातपत्र-
वादित्रगीतनटनस्तुतिकोशवृद्ध्या ॥ १८ ॥
इत्येकविंशतिविधा जिनराजपूजा,
ख्याता सुरासुरगणेन कृता सदैव ।
खण्डीकृता कुमतिभिः कलिकालयोगा-
द्यद्यत्प्रियं तदिह भाववशेन योज्यम् ॥ १९ ॥

इति श्रीउमास्वातिवाचकविरचितं
पूजाप्रकरणं समाप्तम् ॥

# શ્રી પૂજાપ્રકરણનો અર્થ

પૂર્વ દિશાની સન્મુખ થઇને સ્નાન કરવું, પશ્ચિમ દિશાની સન્મુખ થઈને દાતણ કરવું, ઉત્તર દિશાની સન્મુખ થઇને શ્વેત વસ્ત્ર પહેરવા અને પૂર્વ અથવા ઉત્તર તરફ મુખ રાખીને દેવપૂજા કરવી. ૧.

ઘરમાં પ્રવેશ કરતાં ડાબી બાજુએ શલ્ય, ( અસ્થિ વિગેરે ) રહિત સ્થળે દોઢ હાથ ઊંચી ભૂમિ ઉપર દેવનું સ્થાન ( ઘર દેરાસર ) કરવું. ૨.

જો નીચી ભૂમિમાં દેવાલય કરવામાં આવે તો તે કરાવનાર ( ગૃહપતિ ) વંશ અને સંતતિ( પુત્રપૌત્રાદિક )વડે સદા નીચો નીચો થતો જાય. ૩.

દેવની પૂજા કરનારે પૂર્વ કે ઉત્તર દિશાની સન્મુખ રહેવું. અને દક્ષિણ દિશા તથા ચારે વિદિશાને વર્જવી. ૪.

જો પશ્ચિમ દિશાની સન્મુખ રહીને જિનેંદ્રપ્રતિમાની પૂજા કરે તો ચોથી સંતતિનો નાશ થાય અને દક્ષિણ સન્મુખ રહીને પૂજા કરે તો સંતતિ રહિત થાય. ૫.

અગ્નિખૂણાની સન્મુખ રહીને પૂજા કરે તો દિવસે દિવસે ધનની હાનિ થાય, વાયવ્યખૂણાની સન્મુખ રહીને પૂજા કરે તો સંતતિ થાય જ નહીં અને નૈઋતખૂણાની સન્મુખ રહીને પૂજા કરે તો કુળનો ક્ષય થાય. ૬.

ઇશાનખૂણાની સન્મુખ રહીને પૂજા કરે તો તેની સ્થિતિ જ ( સારી ) થાય નહીં, બે પગ ( અંગૂઠા ), બે જાનુ,

બે હાથ, બે ખભા અને ( એક ) મસ્તક ઉપર એમ અનુક્રમે ( નવાંગે ) પૂજા કરવી. ૭.

શ્રીચંદન વિના કદાપિ પૂજા કરવી નહીં, તથા પૂજકે પોતાના કપાળે, કંઠે, હૃદયે અને ઉદર ઉપર કુલ ચાર તિલક કરવા. ૮.

નવ તિલકોવડે નિરંતર પૂજા કરવી. વિચક્ષણ પુરુષોએ પ્રભાતમાં પ્રથમ વાસપૂજા કરવી. ૯.

મધ્યાહ્ન સમયે પુષ્પવડે એટલે અષ્ટપ્રકારી પૂજા કરવી, અને સાયંકાળે ધૂપ, દીપ સહિત પૂજા કરવી. તેમાં (પ્રભુની) ડાબી બાજુએ ધૂપ ધરવો અને પ્રભુની સન્મુખ અગ્ર-પૂજા કરવી. ૧૦.

અરિહંતની જમણી બાજુએ દીપ સ્થાપન કરવો તથા (પુરુષે) પ્રભુની જમણી બાજુએ રહીને ધ્યાન અને ચૈત્યવંદન કરવું. ૧૧.

( પુષ્પાદિકની શુદ્ધિ )—જે પુષ્પાદિક હાથમાંથી પડેલું, પૃથ્વી પર રહેલું, કોઇપણ ઠેકાણે પગવડે અડકાયેલું, મસ્તકની ઉપર રાખેલું, ખરાબ ( અશુદ્ધ ) વસ્ત્રમાં રાખેલું, નાભિની નીચે ધારણ કરેલું, દુષ્ટ જનોએ સ્પર્શ કરેલું, મેઘથી હણા-ચેલું ( ભીંજાયેલું ) અને કીડાઓથી દૂષિત થયેલું હોય, તેવા પુષ્પ, પત્ર અને ફળ વિગેરેનો ભક્તજનોએ જિનેશ્વરની પ્રીતિ-( ભક્તિ )ને માટે ત્યાગ કરવો. ૧૨.

એક પુષ્પના બે ભાગ ( કકડા ) કરવા નહીં, તેની કળીને પણ છેદવી નહીં, ચંપક અને કમળનો ભેદ કરવાથી વિશેષ દોષ લાગે છે. ૧૩.

ઉત્તમ એવા ગંધ, ધૂપ, અક્ષત, પુષ્પમાળા, પ્રદીપ, બળિ (નૈવેદ્ય), જળ અને શ્રેષ્ઠ ફળવડે ( અષ્ટપ્રકારી ) શ્રી જિનેશ્વરની પૂજા કરવી. ૧૪.

શાંતિને માટે શ્વેત પુષ્પ, વિજયને માટે શ્યામ, કલ્યાણને માટે રક્ત, ભયને માટે લીલું, ધ્યાનાદિકની પ્રાપ્તિને માટે પીળું અને સિદ્ધિને માટે પાંચે વર્ણનાં પુષ્પ કહેલાં છે. ( પાઠાંતર–શાંતિને માટે શ્વેત, લાભને વિષે પીળું, પરાજયને માટે શ્યામ, મંગળને માટે રક્ત અને સિદ્ધિને માટે પાંચે વર્ણનું પુષ્પ કહ્યું છે. અર્થાત્ તે તે કાર્યને નિમિત્તે તે તે વર્ણવાળા પુષ્પોથી પૂજા કરવી ). ૧૫.

( વસ્ત્રશુદ્ધિ ) સ્નાન કરીને પહેરેલું વસ્ત્ર જો ખંડિત, સાંધેલું, છેદાયેલું, રક્ત ( રાતું ) અથવા રૌદ્ર–દેખાવમાં ભયંકર લાગે તેવું હોય તો તેવું વસ્ત્ર પહેરનારનાં દાન, પૂજા, તપ, હોમ અને સંધ્યાદિક સર્વ ધર્મકાર્ય નિષ્ફળ થાય છે. ૧૬.

પદ્માસને બેસી, નાસિકાના અગ્રભાગ ઉપર નેત્રોને સ્થાપન કરી, મૌન ધારણ કરી તથા વસ્ત્રવડે મુખ ઢાંકીને જિનેશ્વરની પૂજા કરવી. ૧૭.

( એકવીશ પ્રકારી પૂજા )—સ્નાત્ર ૧, વિલેપન ૨, અલંકાર ૩, પુષ્પ ૪, વાસ ૫, ધૂપ ૬, દીપ ૭, ફળ ૮, તંદુલ ૯, પત્ર ૧૦, પૂગ ( સોપારી ) ૧૧, નૈવેદ્ય ૧૨, જળ ૧૩, વસ્ત્ર ૧૪, ચામર ૧૫, છત્ર ૧૬, વાજિત્ર ૧૭, ગીત ૧૮, નૃત્ય ૧૯, સ્તુતિ ૨૦ અને કોશની વૃદ્ધિ ૨૧ આ–રીતે એકવીશ પ્રકારી શ્રીજિનેશ્વરની પૂજા નિરંતર સુર અસુરના સમૂહે કરેલી પ્રસિદ્ધ

છે, તે હાલમાં કળિકાળના યોગથી કુબુદ્ધિવાળા જનોએ ખંડિત કરી છે. તેથી હાલ આ પૂજામાં જે જે વસ્તુ પ્રિય લાગે તે તે વસ્તુ શુભ ભાવથી પૂજામાં વાપરવી–અર્પણ કરવી. ૧૮–૧૯.

ઈતિ શ્રીઉમાસ્વાતિ વાચકે રચેલું
પૂજાપ્રકરણ સાર્થ સમાપ્ત

## દાનના આઠ પ્રકાર વિગેરે

કેટલાક ફકરાઓ બીજા ગ્રંથોમાં જે જોવામાં આવે છે તે ગ્રંથકર્ત્તા ઉમાસ્વાતિના રચેલા છે એમ કહેવામાં આવે છે, તે તેમના કરેલા લભ્યગ્રંથોમાં જોવામાં આવતા નથી, પરંતુ તેમણે ૫૦૦ ગ્રંથો રચેલા હોવાથી તે અલભ્ય ગ્રંથોમાં હોવાનો સંભવ છે.

નીચે પ્રમાણે (દાનના સંબંધમાં) વાચકમુખ્ય ઉમાસ્વાતિએ કહ્યું છે એમ સ્થાનાંગવૃત્તિમાં કહેલ છે.

કૃપણ, અનાથ, દરિદ્ર, કષ્ટ પામેલ તથા રોગ અને શોકથી વ્યાકુળ થયેલાને જે કૃપાવડે દાન દેવાય તે **અનુકંપાદાન** કહેવાય છે. ૧.

ઉદયમાં કે કષ્ટમાં ( લાભ કે હાનિના વખતમાં ) સહાયને માટે જે કાંઇ અપાય તે મુનિઓએ **સંગ્રહદાન** માન્યું છે, પણ તે દાન મોક્ષને આપનાર માન્યું નથી. ૨.

રાજા, કોટવાળ, પુરોહિત, મધુમુખ ( મીઠાબોલા ), માવલ્લ ( માવડીઆ ) અને દંડપાશિ ( જેલર ) વિગેરેને ભયથી જે આપવામાં આવે તે ડાહ્યા પુરુષોએ **ભયદાન** જાણવું. ૩.

લોકસમૂહને વિષે રહેલાની પાસે કોઈએ કાંઇ પ્રાર્થના

કરી હોય ત્યારે તે બીજાના ચિત્તને સારું લગાડવા માટે જે દાન આપે તે **લજ્જાદાન** કહેવાય છે. ૪.

નટ, નર્તક, મલ્લ, સંબંધી, બંધુ અને મિત્રને યશને માટે જે દાન દેવાય તે **ગર્વદાન** કહેવાય છે. ૫.

હિંસા, અસત્ય, ચોરી, પરસ્ત્રીરમણ અને પરિગ્રહમાં આસક્ત થયેલાને જે દાન અપાય તે દાન ( **અધર્મદાન** ) અધર્મને માટે જાણવું. ૬.

તૃણ, મણિ અને મુક્તાફળને વિષે સમદૃષ્ટિવાળા સુપાત્રને જે દાન અપાય તે **ધર્મદાન** (અથવા **સુપાત્રદાન**) કહેવાય છે અને તે અક્ષય, અતુલ અને અનંત થાય છે ( અર્થાત્ અક્ષય સુખને આપનાર થાય છે ). ૭.

આ પુરુષે મારો સેંકડોવાર ઉપકાર કર્યો છે અને હજારો વાર મને દાન આપ્યું છે, તેથી હું પણ તેને કાંઇક આપું, એમ ધારીને તે જે દાન આપે તે **પ્રત્યુપકારદાન** કહેવાય છે. ૮.

પંચાશકટીકામાં શ્રી અભયદેવસૂરિએ કહ્યું છે કે—

ઉમાસ્વાતિ વાચકે પણ આનું સમર્થન કર્યું છે, તે આ પ્રમાણે-તેણે કહ્યું છે કે-" સમ્યગ્દર્શન સહિત અને છ પ્રકારના આવશ્યકમાં તત્પર જે હોય તે **શ્રાવક** કહેવાય છે. " ઇતિ.

એ જ પ્રમાણે ધર્મસંગ્રહમાં શ્રી માનવિજય ઉપાધ્યાયે પણ કહ્યું છે. તે ગ્રંથ ઉ. યશોવિજય મહારાજે સુધારેલો છે.

શ્રીમુનિચંદ્રસૂરિકૃત ધર્મબિંદુની ટીકામાં પણ એ પ્રમાણે કહ્યું છે.

ઉમાસ્વાતિ વાચકે રચેલી **શ્રાવકપ્રજ્ઞપ્તિ**માં તો અતિથિ શબ્દે કરીને સાધુ વિગેરે ચારે ગ્રહણ કર્યા છે, તેથી તેમને સંવિભાગ કરવો એમ કહ્યું છે. તેના પાઠનો અર્થ આ પ્રમાણે છે—અતિથિસંવિભાગ—અતિથિ એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. તેઓ પોતાને ઘરે આવે ત્યારે ભક્તિથી તેમની સન્મુખ ઊભા થવું, આસન આપવું, પગ પ્રમાર્જવા અને નમસ્કારાદિકવડે તેમની પૂજા કરીને વૈભવ અને શક્તિ પ્રમાણે અન્ન, પાન, વસ્ત્ર, ઔષધ અને આલય (સ્થાન) વિગેરે આપીને તેમનો સંવિભાગ કરવો. ઇતિ.

ॐ नमः सिद्धं । नमः श्रीवीतरागाय ।

# अथ श्रीयतिशिक्षापञ्चाशिका

( आर्या वृत्तम् )

जयइ जिणसासणमिणं, अप्पडिहयथिरपयावदिप्पंतं ।
दूसमकाले वि सया, सया विसुद्धं तिहुअणे वि ॥ १ ॥
पढमं नमंसियव्वो, जिणागमो जस्स इह पभावाओ ।
सुहुमाण बायराणं, भावाणं नज्जइ सरूवं ॥ २ ॥
इह जीवो भमइ भवे, किल(लि)ट्ठ गुरुकम्मबंधणाहिंतो ।
तन्निज्जराओ वि जहा, जाइ सिवं संवरगुणड्ढो ॥ ३ ॥

इच्चाइ जओ नज्जइ, सवित्थरं तं सरेह सिद्धंतं ।
सविसेसं सरह गुरुं, जस्स पसाया भवे सो वि ॥४॥ (युग्मम्)

गुरुसेवा चेव फुडं, आयारंगस्स पढमसुत्तम्मि ।
इय नाउं निअगुरुसे–वणम्मि कह सीअसि सकन्न ! ॥ ५ ॥

ता सोम ! इमं जाणिअ, गुरुणो आराहणं अइगरिट्ठं ।
इहपरलोअसिरीणं, कारणमिणमो विआण तुमं ॥ ६ ॥

रुट्ठस्स तिहुअणस्स वि, दुग्गइगमणं न होइ ते जीव ! ।
तुट्ठे वि तिहुअणे लहसि, नेव कइआवि सुगइपहं ॥ ७ ॥

जइ ते रुट्ठो अप्पा, तो तं दुग्गइपहं धुवं नेइ ।
अह तुट्ठो सो कहमवि, परमपयं पि हु सुहं नेइ (युग्मम्) ॥८॥

जइ तुह गुणरागाओ, संथुणइ नमंसई इहं लोओ ।
नइ तुज्झणुरागाओ, कह तम्मि तुमं वहसि रागं ? ॥ ९ ॥

जइ वि न कीरइ रोसो, कह रागो तत्थ कीरए जीव ! ।
जो लेइ तुह गुणे पर–गुणिक्कबद्धायरो धिट्ठो ॥ १० ॥

जो गिन्हइ तुह दोसे, दुहजणए दोसगहणतल्लिच्छो ।
जइ कुणसि नेव रागं, कह रोसो जुज्जए तत्थ ? ॥ ११ ॥

पिक्खसि नगे बलंतं, न पिच्छसे पायहिट्ठओ मूढ ! ।
जं सिक्खवसि परे, नेव कहवि कइआवि अप्पाणं ॥१२॥

का नरगणणा तेसिं !, वियक्खणा जे उ अन्नसिक्खाए ।
जे निअसिक्खादक्खा, नरगणणा तेसि पुरिसाणं ॥ १३ ॥

जइ परगुणगहणेण वि, गुणवंतो होसि इत्तिएणावि ।
ता किं न करेसि तुमं, परगुणगहणं पि रे पाव ! ? ॥ १४ ॥

जिणवयणअंजणेणं, मच्छरतिमिराइं किं न अवणेसि ? ।
अज्ज वि जम्मि वि तम्मि वि, मच्छरतिमिरंधलो भमिसि ?॥१५॥

जेहिँ दोसेहिँ अन्ने, दूससि गुणगव्विओ तुमं मूढ ! ।
ते वि हु दोसट्ठाणे, किं न चयसि ? पाव ! धिट्ठो सि ॥१६॥

उवसमसुहारसेणं, सुसीअलो किं न चिट्ठसि सयावि ? ।
किं जीव ! कसायग्गी–पतीतदेहो सुहं लहसि ? ॥ १७ ॥

झाणे झीणकसाए, आरद्धे किं न जीव ! सिज्झिज्झा ? ।
आकेवलनाणं इह, ता झाणं कुणसु सन्नाणं ॥ १८ ॥

जह जह कसायविगमो, तह तह सज्झाणपगरिसं जाण ।
जह जह झाणविसोही, तह तह कम्मक्खओ होइ ॥ १९ ॥

सज्झाणपसायाओ, सारीरं माणसं सुहं विउलं ।
अणुहविअ कहं छड्डसि, जं सुहगिध्धो सि रे जीव ! ॥२०॥

किं केवलो न चिट्ठसि, विहुणिअ चिरकालबंधसंबंधं ।
कम्मपरमाणुरेणू, सज्झायपयंडपवणेणं ? ॥ २१ ॥

बुज्झसु रे जीव ! तुमं, मा मुज्झसु जिणमयं पि नाऊणं ।
जम्हा पुणरवि एसा, सामग्गी दुल्लहा जीव ! ॥ २२ ॥

जइ कहमवि जीव ! तुमं, जिणधम्मं हारिऊण पडिवडिओ ।
पच्छाणंतेणावि हु, कालेण वि जीव ! जिणधम्मं ॥ २३ ॥

पाविहिसि वा न वा? तं, को जाणइ? जेण सो अइदुलंभो ।
इअ नाउं सिवपयसा–हणेण रे! होसु कयकिच्चो ॥ २४ ॥
(युग्मम्)

जइ अज्जवि जीव! तुमं, न होसि निअकज्जसाहगो मूढ! ।
किं जिणधम्माओ वि हु, अब्भहिआ कावि सामग्गी? ॥२५॥

जा लद्धी इह बोही, तं हारिसि हा! पमायमयमत्तो ।
पाविहिसि पाव! पुरओ, पुणो वि तं केण मूलेण? ॥ २६ ॥

अन्नं च किं पडिक्खसि?, का ऊणा तुज्झ इत्थ सामग्गी? ।
जं इहभवाउ पुरओ, भाविभवेसुं समुज्जमिसि? ॥ २७ ॥

इह पत्तो वि सुधम्मो, तं कूडालंबणेण हारिहिसि ।
भाविभवेसु धम्मे, संदेहो तं समीहेसि ॥ २८ ॥

ता धिद्धी मइनाणे, ता वज्जं पडउ पोरिसे तुज्झ ।
डज्झउ विवेगसारो, गुणभंडारो महासारो ॥ २९ ॥

जं निअकज्जे वि तुमं, गयलीलं कुणसि आलविसारेसि ।
अन्नं न कज्जसज्जो–सि पाव! सुकुमारदेहो सि ॥ ३० ॥

अन्नं च सुणसु रे जिअ!, कलिकालालंबणं न घित्तव्वं ।
जं कलिकाला नट्ठं, कट्ठं न हु चेव जिणधम्मो ॥ ३१ ॥

समसत्तुमित्तुचित्तो, निच्चं अवगणियमाणअवमाणो ।
मज्झत्थभावजुत्तो, सिद्धंतपवित्तचित्तंतो ॥ ३२ ॥

सज्झाणझाणनिरओ, निच्चं सुसमाहिसंठिओ जीव! ।
जइ चिट्ठसि ता इहयं, पि निव्वुई किं च परलोए ३३ ।युग्मम्।

इअ सुहिओ वि हु तं कुणसु जीव ! सुहकारणं वरचरित्तं ।
मा कलिकालालंबण–विमोहिओ चयसि सच्चरणं ॥ ३४ ॥

केवलकट्ठेण धुवं, न सिज्झई वरचरित्तपब्भट्ठा ।
कट्ठरहिओ वि सज्झाण–दुक्खसहिओ वि जाइ सिवं ॥३५॥

अज्ज वि जिणधम्माओ, भवम्मि बीयम्मि सिज्झई जीवो ।
अविराहिअसामन्नो, जहन्नओ अट्ठमभवम्मि ॥ ३६ ॥

ता जीव ! कट्ठसज्झं, जइधम्मं तरसि नेव मा कुणसु ।
किं न कुणसि सुहसज्झं, उवसमरससीअलं चरणं ? ॥ ३७ ॥

न हि कट्ठाओ सिद्धा, विसिट्ठकाले वि किं तु सच्चरणा ।
ता तं करेसु सम्मं, कमेण पाविहिसि सिवसम्मं ॥ ३८ ॥

तं पुव्विं पि हु जीवा, कमेण पत्ता सिवं चरित्ताओ ।
आइजिणेसरपमुहा, ता तं पि कमेण सिज्झिहिसि ॥ ३९ ॥

जो महरिसिअणुचिन्नो, संपइ सो दुक्करो जइपहो तो ।
अणुमोअसु गुणनिवहं, तेसिं चिअ भत्तिगयचित्तो ॥ ४० ॥

वसइ गिरिनिकुंजे भीसणे वा मसाणे,
वणविडवितले वा सुन्नगारे व रन्ने ।
हरिकरिपभिईणं भेरवाणं अभीओ,
सुरगिरिथिरचित्तो झाणसंताणलीणो ॥ ४१ ॥

जत्थेव सूरो समुवेइ अत्थं, तत्थेव झाणं धरई पसत्थं ।
वोसट्ठकाओ भयसंगमुक्को, रउद्दखुद्देहि अखोहणिज्जो ॥४२॥

एसइ उज्झिअधम्मं, अंतं पंतं च सीअलं लुक्खं ।
अक्कोसिओ हओ वा, अदीणविद्दवणमुहकमलो ॥ ४३ ॥

इअ सोसंतो देहं, कम्मसमूहं च धिइबलसहाओ ।
जो मुणिपवरो एसो, तस्स अहं निच्चदासु म्हि ॥ ४४ ॥

धन्ना ते सप्पुरिसा, जे नवरमणुत्तरं गया मुक्खं ।
जम्हा ते जीवाणं, न कारणं कम्मबंधस्स ॥ ४५ ॥

अम्हे न तहा धन्ना, धन्ना पुण इत्तिएण जं तेसिं ।
बहु मन्नामो चरिअं, सुहासुहं धीरपुरिसाणं ॥ ४६ ॥

धन्ना हु बालमुणिणो, कुमारभावंमि जे उ पव्वइआ ।
निज्जिणिऊण अणंगं, दुहावहं सव्वलोआणं ॥ ४७ ॥

जं उज्जमेण सिज्झइ, कज्जं न मणोरहेहिं कइआवि ।
न हि सुत्तनरमुहे तरु-सिहराओ सयं फलं पडइ ॥ ४८ ॥

एवं जिणागमेणं, सम्मं संबोहिओ सि रे जीव !
संबुज्झसु मा मुज्झसु, उज्जमसु सया हिअट्ठम्मि ॥ ४९ ॥

ता परिभाविअ एअं, सव्वबलेणं च उज्जमं काउं ।
सामन्ने हो सुथिरो, जह पुहईचंदगुणचंदे ॥ ५० ॥ इति ॥

**यतिशिक्षा पञ्चाशिका समाप्ता**

# યતિશિક્ષા પંચાશિકાનો અર્થ

અપ્રતિહત અને સ્થિર એવા પ્રતાપવડે દેદીપ્યમાન તથા ત્રણે ભુવનમાં સદા વિશુદ્ધ એવું આ જિનશાસન દુઃષમ-કાળને વિષે પણ સદા જય પામે છે. (૧)

જેના પ્રભાવથી આ જગતમાં સૂક્ષ્મ અને બાદર પદાર્થોનું સ્વરૂપ જાણવામાં આવે છે તે જિનાગમ પ્રથમ નમસ્કાર કરવા યોગ્ય છે. (૨)

જેમ કિલષ્ટ અથવા આઠ ભારે કર્મના બંધનવડે જીવ આ સંસારમાં ભ્રમણ કરે છે અને જેમ તે કર્મની નિર્જરાથી સંવરગુણે કરીને સહિત થયેલો જીવ મોક્ષ પામે છે, ઈત્યાદિ સવિસ્તર હકીકત જેનાથી જણાય છે તે સિદ્ધાંતનું તમે સ્મરણ કરો. તથા જેમના પ્રસાદથી તે સિદ્ધાંત પણ જાણવામાં આવે છે તેવા ગુરુમહારાજનું વિશેષે કરીને સ્મરણ કરો. (૩–૪)

શ્રી આચારાંગના પહેલા સૂત્રમાં ગુરુની સેવા કરવાનું સ્ફુટપણે બતાવ્યું છે, તે જાણીને (જાણ્યા છતાં) હે વિદ્વાન! પોતાના ગુરુની સેવા કરવામાં તું કેમ સીદાય છે–શિથિલ થાય છે? (૫)

તેથી કરીને હે સૌમ્ય! આ ગુરુનું આરાધન અતિ ગરિષ્ઠ–મહત્ત્વવાળું જાણીને તું આ લોક અને પરલોકની લક્ષ્મીનું કારણ આ પણ જાણ. (૬)

હે જીવ! તારા ઉપર ત્રણ જગત રોષ કરે તો પણ

તારું દુર્ગતિમાં ગમન થશે નહીં, અને તે ત્રણ ભુવન તારા પર તુષ્ટ થાય તો પણ કદાપિ તું સદ્ગતિનો માર્ગ પામીશ નહીં, પણ જો તારો આત્મા રોષ કરશે તો તે તને અવશ્ય દુર્ગતિના માર્ગે લઇ જશે અને તે તારો આત્મા કોઇ પણ પ્રકારે તુષ્ટમાન થશે તો સુખેથી મોક્ષમાં લઇ જશે. (૭)–(૮)

જો તારા ગુણ ઉપરના રાગથી લોકો આ ભવમાં તારી સ્તુતિ કરે છે અને નમસ્કાર કરે છે પણ તારા ઉપરના રાગથી નથી કરતા, તો પછી તું તે સ્તુતિ કરનારના ઉપર કેમ રાગ કરે છે ? (૯)

હે જીવ! પરગુણને ગ્રહણ કરવામાં જ બદ્ધાદરવાળો જે ધૃષ્ટ પુરુષ તારા ગુણોને ગ્રહણ કરે છે, તેના ઉપર જો કે તું રોષ નથી કરતો ( તે ઠીક જ છે ) પણ તેના પર તું રાગ કેમ કરે છે? (પોતાની વસ્તુ ચોરનાર ઉપર રાગ તો ન જ હોય). (૧૦)

તથા વળી પરના દોષ ગ્રહણ કરવામાં જ તત્પર એવો જે પુરુષ દુ:ખને ઉત્પન્ન કરનારા તારા દોષોને ગ્રહણ કરે છે, તેના ઉપર જો કે તું રાગ કરતો નથી ( તે ઠીક ) પરંતુ તેના ઉપર રોષ કરવો કેમ યોગ્ય હોય ? ( ખરી રીતે તો તે દોષ ગ્રહણ કરનારના પર રાગ કરવો જોઇએ ). (૧૧)

હે મૂઢ! તું પર્વત ઉપર બળતા અગ્નિને જુએ છે, પણ પોતાના પગની નીચે બળતા અગ્નિને જોતો નથી; કેમકે તું બીજાને શિખામણ આપે છે, પણ કદાપિ કોઇ પણ પ્રકારે પોતાના આત્માને શિખામણ આપતો નથી. (૧૨)

જેઓ અન્ય જનોને શિક્ષા આપવામાં વિચક્ષણ હોય

તેમની મનુષ્યોમાં કઈ ગણના હોય ? ( ન જ હોય ), પરંતુ જેઓ પોતાના આત્માને શિક્ષા આપવામાં નિપુણ હોય, તે પુરુષોની જ મનુષ્યમાં ગણના હોય છે. (૧૩)

જો પરના ગુણો ગ્રહણ કરવાથી પણ તું ગુણવાન થઈ શકે છે, તો હે પાપી જીવ ! એટલાવડે કરીને પણ તું પરના ગુણને કેમ ગ્રહણ કરતો નથી ? (૧૪)

જિનેશ્વરના વચનરૂપી અંજનવડે તું મત્સર ( ઇર્ષ્યા )-રૂપી તિમિર( નેત્રપડલ )ને કેમ દૂર કરતો નથી ? કે જેથી હજુ પણ મત્સરરૂપી તિમિરવડે અંધ થઇને જ્યાં ત્યાં ( આડો-અવળો--સર્વ ગતિમાં ) ભમ્યા કરે છે ? (૧૫)

હે મૂઢ ! ગુણોવડે ગર્વિષ્ઠ થયેલો તું અન્ય જનોને જે દોષોવડે દૂષિત કરે છે, તે જ દોષના સ્થાનોને તું કેમ ત્યાગ કરતો નથી ? માટે હે પાપી ! તું ધૃષ્ટ છે. (૧૬)

હે જીવ ! ઉપશમરૂપી અમૃતરસવડે તું સદા અતિ-શીતળ કેમ નથી રહેતો ? શું કષાયરૂપી અગ્નિમાં દેહને પાડીને તું સુખ પામીશ ? ( નહીં જ ) (૧૭)

હે જીવ ! ક્ષીણકષાયવાળા ધ્યાનનો આરંભ કરવાથી શું તું સિદ્ધ નહીં થા ? ( થઇશ ) તેથી કરીને અહીં કેવળજ્ઞાન થાય ત્યાંસુધી તું ઉત્તમ [1]જ્ઞાનવાળું ધ્યાન કર. (૧૮)

જેમ જેમ કષાયનો નાશ થાય છે તેમ તેમ ઉત્તમ ધ્યા-

---

૧. જ્ઞાન આપનારું.

નની વૃદ્ધિ થાય છે એમ તું જાણ, અને જેમ જેમ ધ્યાનની વિશુદ્ધિ થાય છે તેમ તેમ કર્મનો ક્ષય થાય છે ( એમ તું જાણ ). (૧૯)

હે જીવ! સુધ્યાનના પ્રસાદથી શરીર અને મન સંબંધી મોટા સુખને ભોગવીને પછી તું તે ધ્યાનને કેમ તજી દે છે? કેમકે તું તો સુખની જ ગૃદ્ધિ(આસક્તિ)વાળો થાય છે. (૨૦)

ચિરકાળના બંધના સંબંધવાળી કર્મપરમાણુરૂપી રજને સ્વાધ્યાયરૂપી મોટા વાયુવડે દૂર કરીને તું એકલો જ કેમ નથી રહેતો ? (૨૧)

હે જીવ ! તું બોધ પામ. જિનમતને જાણીને પણ હવે તું ન મુંઝા, કેમકે આ મળેલી સામગ્રી ફરીથી મળવી દુર્લભ છે. (૨૨)

હે જીવ ! જો કોઈપણ પ્રકારે તું પામેલા જિનધર્મને હારીને પડી જઇશ, તો પછી અનંતાકાળે પણ તું ફરીને જિનધર્મ પામીશ કે નહીં ? તે કોણ જાણે છે ? કેમકે તે ધર્મ અતિ દુર્લભ છે. આ પ્રમાણે જાણીને રે જીવ ! મોક્ષપદને સાધવાવડે ( સાધીને ) તું કૃતાર્થ થા. (૨૩–૨૪)

હે જીવ! જો હજુસુધી પણ તું આત્મકાર્યને સાધનાર નથી થતો, તો હે મૂઢ! શું જિનધર્મ કરતાં પણ અધિક ઉત્તમ કોઈપણ સામગ્રી છે ? ( નથી જ ). (૨૫)

હે જીવ! અહીં તેં જે બોધિ પ્રાપ્ત કરી છે તેને પ્રમાદરૂપી મદવડે મત્ત થઈને તું હા! હા! જો હારી જઇશ, તો હે પાપી! આગળ ઉપર ફરીથી તું તેને કયા મૂલ્યવડે પામીશ? (૨૬)

તું બીજા ભવની અપેક્ષા કેમ કરે છે? અહીં તારે કઈ સામગ્રી ઓછી છે? કે જેથી આ ભવથી આગળ થવાના ભવોને વિષે તું ઉદ્યમ કરી શકીશ? (૨૭)

અહીં ઉત્તમ ધર્મ પ્રાપ્ત થયા છતાં પણ તેને કૂટ (ખોટા) આલંબનવડે તું હારી જઇશ તો આવતા ભવમાં તે ધર્મ મળશે કે નહીં મળે? એ સંદેહ છે, તેને તું ઈચ્છે છે? (૨૮)

તેથી કરીને તારી મતિને અને જ્ઞાનને ધિક્કાર હો! તારા પુરુષાર્થ ઉપર વજ્ર પડો! અને ગુણના ભંડારરૂપ મોટા સારવાળો તારો વિવેકસાર બળી જાઓ! (૨૯)

હે પાપી જીવ! જ્યારે પોતાનું કાર્ય હોય છે ત્યારે તું હાથીની લીલાને ધારણ કરે છે અને બીજું બધું ભૂલી જાય છે અને બીજાના કાર્યમાં સજ્જ થતો નથી તેમ જ તે વખતે તો તું સુકુમાળ દેહવાળો થઈ જાય છે. (૩૦)

વળી હે જીવ! બીજું પણ તું સાંભળ–તારે કલિકાળનું આલંબન ગ્રહણ કરવું નહીં, કેમ કે કલિકાળમાં (તીવ્ર તપસ્યાદિ) કષ્ટ નાશ પામ્યું છે (થઈ શકતું નથી) પણ જિનધર્મ નાશ પામ્યો નથી. (૩૧)

હે જીવ! જો તું નિરંતર શત્રુ અને મિત્રને વિષે સમાન ચિત્તવાળો, માન અપમાનને નહીં ગણનારો, મધ્યસ્થ ભાવવાળો, શાસ્ત્રવડે પવિત્ર ચિત્તવાળો, સદ્ધ્યાન ધ્યાવામાં તત્પર અને સારી સમાધિમાં રહેલો થઇશ તો અહીં પણ તને નિર્વૃતિ (સુખ) છે. તેને માટે પરલોકનું (સ્વર્ગાદિકનું) શું કામ છે? (૩૨–૩૩)

આ પ્રમાણે હે જીવ! તું સુખી હો તો પણ સુખના કારણરૂપ શ્રેષ્ઠ ચારિત્રને કર (પાળ), પરંતુ કલિકાળના આલંબનથી મોહ પામીને સચ્ચારિત્રનો ત્યાગ ન કરીશ. (૩૪)

ખરેખર ઉત્તમ ચારિત્રથી ભ્રષ્ટ થયેલા પ્રાણીઓ કેવળ કષ્ટ સહન કરવાથી કાંઈ સિદ્ધ થતા નથી, પરંતુ કષ્ટ રહિત છતાં પણ સદ્ધ્યાનરૂપી દુઃખે કરીને સહિત છતાં મોક્ષ પામે છે.(૩૫)

આ કાળે પણ જિનધર્મનું આરાધન કરવાથી જીવ બીજે ભવે સિદ્ધ થઇ શકે છે અને ચારિત્રની વિરાધના કર્યા વિના જઘન્યથી પણ આઠમે ભવે સિદ્ધ થાય છે. (૩૬)

તેથી કરીને હે જીવ! જો કષ્ટથી સાધી શકાય તેવા ધર્મનું પાલન કરવામાં તું શક્તિમાન ન હો તો ભલે તે ન કર, પરંતુ સુખેથી સાધી શકાય એવા ઉપશમ રસવડે શીતળ એવા ચરણને (ચારિત્રને) કેમ કરતો નથી? (૩૭)

સારા કાળમાં પણ કષ્ટથી (દુઃખ સહન કરવાથી) કોઇ પણ સિદ્ધ થયા નથી, પરંતુ સારું ચારિત્ર પાળવાથી જ સિદ્ધ થયા છે; તેથી કરીને તું ચારિત્રનું જ પાલન કર કે જેથી અનુક્રમે મોક્ષસુખને પ્રાપ્ત કર. (૩૮)

આદિ જિનેશ્વર વિગેરે જીવો પણ પૂર્વે ચારિત્ર પાળીને જ અનુક્રમે સિદ્ધિપદને પામ્યા છે, તેથી તું પણ ક્રમે કરીને સિદ્ધ થઇશ. (૩૯)

મહર્ષિઓએ જે યતિમાર્ગ આચરણ કર્યો છે, તે જો હાલના સમયમાં દુષ્કર હોય તો ચિત્તને વિષે તેઓની ઉપર

સંપૂર્ણ ભક્તિ રાખીને તેમના ગુણસમૂહની અનુમોદના કર. (૪૦)

તે અનુમોદના આ પ્રમાણે—

'અહો! ઉત્તમ મુનિ ભયંકર ગિરિની ગુફામાં, સ્મશાનમાં, વનના વૃક્ષોની નીચે, શૂન્ય (પડી ગયેલા) ઘરમાં અથવા અરણ્યમાં વસે છે, સિંહ અને હાથી વિગેરેના ભયંકર શબ્દથી ભય પામતા નથી, પરંતુ મેરુની જેવા સ્થિર ચિત્તવાળા થઈ શુભ ધ્યાનની પરંપરામાં જ લીન રહે છે. (૪૧)

તથા માર્ગમાં ચાલતાં જે ઠેકાણે સૂર્ય અસ્ત પામે છે ત્યાં જ કાયાને વોસિરાવી (કાયોત્સર્ગે રહી), ભયના સંગ રહિત થઈ તથા રૌદ્ર (ભયંકર) અને ક્ષુદ્ર એવા શબ્દોવડે ક્ષોભને પામ્યા વિના જ પ્રશસ્ત ધ્યાનને ધ્યાવે છે. (૪૨)

તથા (ગૃહસ્થીઓએ) ત્યાગ કરવા લાયક, અંત, પ્રાંત, શીતળ અને લૂખા આહારની ગવેષણા કરે છે, તથા કોઇ (દુર્જન) તેમના પર આક્રોશ કરે (ગાળ દે) અથવા મારે તો પણ તેમનું મુખકમળ અદીન અને શાંતિવાળું રહે છે. (૪૩)

આ પ્રમાણે દેહને અને કર્મના સમૂહને શોષણ કરનાર તથા ધૃતિ અને બળના સહાયવાળા જે આ મુનિવર છે, તેમનો હું નિત્ય દાસ છું. (૪૪)

જેઓ નિરંતર અનુત્તર સુખવાળા મોક્ષને પામેલા છે તે સત્પુરુષો જ ધન્ય, છે કેમકે તેઓ જીવોના કર્મબંધના કારણરૂપ થતા નથી. (૪૫)

તેમની જેવા અમે ધન્ય નથી, પરંતુ માત્ર આટલા જ

કારણથી ધન્ય છીએ કે તે ધીરપુરુષોના શુભાશુભ ચરિત્રને અમે બહુ માનીએ છીએ. (૪૬)"

તે બાળમુનિઓ પણ ધન્ય છે કે જેઓ સર્વ લોકોને દુઃખે વહન કરી શકાય તેવા (દુઃખ આપનારા) કામદેવને જીતીને કુમારપણામાં જ પ્રવ્રજિત થયા છે. (૪૭)

જે કારણ માટે ઉદ્યમવડે જ કાર્ય સિદ્ધ થાય છે, પરંતુ માત્ર મનોરથ કરવાથી કદાપિ કાર્ય સિદ્ધ થતું નથી, કેમકે વૃક્ષના શિખર ઉપરથી સૂતેલા મનુષ્યના મુખમાં પોતાની મેળે ફળ પડતું નથી. (૪૮)

આ પ્રમાણે હે જીવ ! જિનેશ્વરના આગમે તને સારી રીતે બોધ પમાડ્યો છે, તેથી તું સારી રીતે બોધ પામ, મુંઝા નહીં અને સદા હિતાર્થને વિષે ઉદ્યમ કર. (૪૯)

તે કારણ માટે આ સર્વ—ઉપર પ્રમાણેની ભાવના કરીને (જાણીને) અને સર્વ બળવડે ઉદ્યમ કરીને પૃથ્વીચંદ્ર અને ગુણચંદ્રની જેમ શ્રમણધર્મને વિષે સુસ્થિર થા. (૫૦)

(આ પૃથ્વીચંદ્ર ગુણચંદ્રનું ચરિત્ર શ્રી જૈનકથારત્નકોષના ભાગ સાતમાંથી જાણવું.)

ઇતિ શ્રીયતિહિતશિક્ષા પંચાશિકા સાર્થ સમાપ્ત

। श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः ।

# श्री चारित्रमनोरथमाला

केसिं (चि) सउन्नाणं, संवेगरसायणं पवन्नाणं ।
उत्तमगुणाणुराया, सत्ताणं फुरइ इय चित्ते ॥ १ ॥

कइआ संविग्गाणं, गीयत्थाणं गुरूण पयमूले ।
सयणाइसंगरहिओ, पवज्जं संपवज्जिस्सं ? ॥ २ ॥

सावज्जजोगवज्जण-पउणो अणवज्जसंजमुज्जुत्तो ।
[1]गामागराइएसुं, अप्पडिबद्धो य विहरिस्सं ? ॥ ३ ॥

अणवरयमविस्सामं, कइया नियभावणासुपरिसुद्धं ।
दुद्धरपंचमहव्वय-पव्वयभारं धरिस्सामि ? ॥ ४ ॥

कइआ आमरणंतं, धनमुणिनिसेवियं च सेविस्सं ।
नीसेसदोसनासं, गुरुकुलवासं गुणावासं ? ॥ ५ ॥

कइया सारणवारण-चोयणपडिचोयणाइसम्ममहं ।
कंमि वि पमायखलिए, साहूहिं कयं सहिस्सामि ? ॥ ६ ॥

अतुरियचवलमसंभम-वक्खेवविवज्जिओ कया मग्गे ।
जुगमित्तनिहियदिट्ठी, पुरओ इरियं विसोहिस्सं ? ॥ ७ ॥

---

१ गामनगरा० पाठान्तरम्.

मियमहुरं अणवज्जं, कइया कज्जे वयं वइस्सामि ? ।
सोहिस्सामि य कइया, बायालीसेसणादोसे ? ॥ ८ ॥

पडिलेहिय सुपमज्जिय, उवगरणायाणमोयणे कइया ।
सुनिरिक्खिय सुपमज्जिय, थंडिलखेलाइपरिट्ठवणं ? ॥ ९ ॥

मणवयकायाण कया, कुसलाण पवत्तणेण इयराण ।
संमं नियत्तणेणं, तिगुत्तिगुत्तो भविस्सामि ? ॥ १० ॥

विच्छिन्नविसयवंछो, देहविभूसाइवज्जिओ कइया ।
परिजुन्नमयलवत्थो, सामन्नगुणे धरिस्सामि ? ॥ ११ ॥

कइया कालविहाणं, काउं आयंबिलाइतवकम्मं ।
कयजोगो जुग्गसुयं, अंगोवंगं पढिस्सामि ? ॥ १२ ॥

कइया पकप्पपणकप्प–कप्पववहारजीयकप्पाई ।
छेयसुयं सुयसारं, विसुद्धसद्धो पढिस्सामि ? ॥ १३ ॥

सीलंगसंगसुभगो, अणंगभंगम्मि विहियसंसग्गो ।
चंगसंवेगरंगो, कया रमिस्सामि निस्संगो ? ॥ १४ ॥

परदूसणपरिमुक्को, अत्तुक्करिसम्मि विमुहपरिणामो ।
दसविहसामायारी–पालणनिरओ कया होहं ? ॥ १५ ॥

सहमाणो य परीसह–सिन्नं नीउच्चमज्झिमकुलेसु ।
लद्धावलद्धवित्ती, अन्नायउंछं गवेसिस्सं ? ॥ १६ ॥

रागद्दोसविउत्तो, संजोयणविरहिओ कया कज्जे ।
पन्नगबिलोवमाए, भुंजिस्सं सम्ममुवउत्तो ? ॥ १७ ॥

सुत्तत्थपोरिसिपरो, जुत्तो य समत्तजीयकप्पेहिं ।
[1]मासंकप्पेण कया, विहरिस्सं उज्जुयविहारो ? ॥ १८ ॥

परपरिवायविरत्तो, समचित्तो सत्तुमित्तसत्तेसु ।
कइया विगहारहिओ, सज्झायपरो भविस्सामि ? ॥ १९ ॥

विलसंतअज्झणगुणे, सुकुसुमबाणासणे फुरियकरुणे ।
विहरिस्सं धम्मवणे, बहुमयदमणे अहं कइया ? ॥ २० ॥

कइआ विमलासोए, परागसुमणसत्रसेण कयमोए ।
धम्मारामे रम्मे, पयडियसम्मे रमिस्सामि ॥ २१ ॥

भयभेरवनिक्कंपो, सुसाणमाईसु विहियउस्सग्गो ।
तवतणुअंगो कइया, उत्तमचरियं चरिस्सामि ? ॥ २२ ॥

तवसुत्तसत्तपभिई–भावणजुत्तो कया पढियपुव्वो ।
पडिमापडिवत्तिधरो, परमत्थपयं पसाहिस्सं ? ॥ २३ ॥

चउहा दिव्वाइकयं, हासपओसाइभेयपडिभिन्नं ।
उग्गउवसग्गवग्गं, अभग्गचित्तो सहिस्सामि ? ॥ २४ ॥

पाणपहाणपरम्मि वि, परम्मि परिभाविऊण परमत्थं ।
वावारिस्सं कइया, करुणाभरमंथरं दिट्ठिं ? ॥ २५ ॥

परिचियकप्पाकप्पो, कइया हं थेरकप्पनिम्माओ ।
जिणकप्पपडिमकप्पे, अवियप्पमणो पवज्जिस्सं ? ॥ २६ ॥

---

१ सामन्नकप्पेण.

वाउ व्व अपडिबद्धो, कुम्मो इव गुत्तइंदिओ कइया ।
चंदु व्व सोमलेसो, सूरो इव दित्ततवतेओ ? ॥ २७ ॥

गयणं व्व निरुवलेवो, होहं उयहि व्व कइय गंभीरो ।
वासीचंदणकप्पो, भारंडो इव गयपमाओ ॥ २८ ॥ (युग्मम्)

फुरियसंवेगरंगो, अणुवममुणिगणगुणाणुराएण ।
चरणमणोरहमालं, भविया भावेह सयकालं ॥ २९ ॥

इय भावणा समेया, भव्वा संपाविऊण अचिरेण ।
चरणधणेसरमुणिवइ-भावं पावंति परमपयं ॥ ३० ॥

इति श्रीचारित्रमनोरथमाला समाप्ता

# श्री चारित्रमनोरथमाळानो अर्थ

સંવેગરૂપી રસાયણને પામેલા કેટલાક પુણ્યશાળી જીવોના ચિત્તમાં ઉત્તમ ગુણના અનુરાગને લીધે આ પ્રમાણે સ્ફુરે છે-વિચાર આવે છે. (૧)

ક્યારે હું સ્વજનાદિકના સંગથી રહિત થઇને સંવિગ્ન ગીતાર્થ ગુરુમહારાજના ચરણકમળની પાસે પ્રવ્રજ્યાને અંગીકાર કરીશ ? (૨)

તથા સાવદ્યયોગને ત્યાગ કરવામાં તત્પર અને અનવદ્ય

( નિર્દોષ ) સંયમમાં ઉદ્યમવાળો થઈને ક્યારે હું ગામ, આકર ( નગર ) વિગેરે સ્થાનોમાં અપ્રતિબંધપણે વિહાર કરીશ. ? (૩)

નિરંતર વિશ્રાંતિ રહિતપણે ક્યારે હું આત્મભાવનાવડે અતિ શુદ્ધ અને દુઃખેથી ધારણ કરી શકાય તેવા પંચ મહાવ્રતરૂપી પર્વતના ભારને ધારણ કરીશ–ઉપાડીશ ? (૪)

વળી ક્યારે હું મરણ પર્યંત ( જાવજ્જીવ ) ઘણા મુનિઓએ સેવેલા, સમગ્ર દોષોનો નાશ કરનારા અને ગુણના સ્થાનરૂપ ગુરુકુળવાસને સેવીશ ? (૫)

કોઈપણ પ્રમાદની સ્ખલનામાં બીજા સાધુઓએ કરેલી સારણા, વારણા, ચોયણા અને પડિચોયણાને સમ્યક્પ્રકારે હું ક્યારે ( મનમાં ખેદ પામ્યા વિના, ઉત્સાહથી ) સહન ( ધારણ ) કરીશ ? (૬)

ક્યારે હું શીઘ્રતા અને ચપળતા રહિત, સંભ્રમ રહિત અને વ્યાક્ષેપ રહિત થઈને માર્ગમાં ચાલતાં આગળ યુગમાત્ર ( ચાર હાથ ) પ્રમાણ દૃષ્ટિને સ્થાપન કરીને ઈર્યાને શોધીશ ? (૭)

ક્યારે હું કાર્ય આવે સતે પરિમિત, મધુર અને અનવદ્ય (નિર્દોષ) વચનને બોલીશ ? અને ક્યારે હું બેંતાળીશ એષણાના દોષોને શોધીશ ? (૮)

સારી રીતે પડિલેહીને તથા સારી રીતે પ્રમાર્જન કરીને ક્યારે હું ઉપકરણનું આદાન ( ગ્રહણ ) અને મૂકવું કરીશ ? તથા ક્યારે હું સારી રીતે જોઇને અને સારી રીતે પ્રમાર્જીને ઠલ્લો, ખેળ વિગેરેનું પરઠવવું કરીશ ? (૯)

કયારે હું કુશળ (શુભ) એવા મન, વચન અને કાયની પ્રવૃત્તિવડે અને અન્ય એટલે અકુશળ એવા તેમના નિરોધવડે સમ્યક્પ્રકારે ત્રણ ગુપ્તિવડે ગુપ્ત થઇશ ? (૧૦)

કયારે હું વિષયની વાંછા રહિત, દેહની વિભૂષાથી વર્જિત અને જૂના તથા મલિન વસ્ત્રવાળો થઇ ચારિત્રના ગુણોને ધારણ કરીશ ? (૧૧)

કયારે હું કાળ ગ્રહણ કરી આંબિલાદિક તપકર્મપૂર્વક યોગ વહન કરી યોગ્ય શ્રુતરૂપ અંગોપાંગને ભણીશ ? (૧૨)

કયારે હું વિશુદ્ધ શ્રદ્ધાવાળો થઇ [૧]પ્રકલ્પ, પંચકલ્પ, [૨]કલ્પ, વ્યવહાર સૂત્ર અને જિતકલ્પાદિક, શ્રુતના સારભૂત છેદસૂત્રોને ભણીશ ? (૧૩)

( અઢાર હજાર ) શીલાંગના સંગવડે સુભગ, કામદેવના નાશને વિષે કર્યો છે. સંસર્ગ ( પ્રયત્ન ) જેણે એવો અને મનોહર સંવેગના રંગવાળો થઇને નિઃસંગ એવો હું કયારે રમીશ–વિહાર કરીશ ? (૧૪)

કયારે હું પરના દૂષણ ગ્રહણ કરવાથી મુક્ત થઇ, પોતાના ઉત્કર્ષને વિષે પણ વિમુખ પરિણામવાળો થઇ દશ પ્રકારની સામાચારી પાળવામાં તત્પર થઇશ ? (૧૫)

કયારે હું પરીષહોના સૈન્ય( સમૂહ )ને સહન કરી કોઇ ઠેકાણે આહાર મળ્યો કે કોઇ ઠેકાણે ન મળ્યા તો પણ

---

૧ નિશીથ. ૨ બૃહત્કલ્પ.

નીચ, ઊંચ અને મધ્યમ કુળોને વિષે (આહારની પ્રાપ્તિને માટે) અજ્ઞાતોંછની ગવેષણા કરીશ ? (૧૬)

ક્યારે હું છ કારણોવડે આહારનું કાર્ય પ્રાપ્ત થયે સતે રાગદ્વેષ રહિતપણે સંયોજનાદોષ રહિત થઇને સર્પ જેમ બિલમાં પેસે તેવી રીતે (દાંત અને જીહ્વાનો સ્પર્શ કર્યા વિના) સમ્યક્પ્રકારે ઉપયોગવાળો થઇ ભોજન કરીશ ? (૧૭)

ક્યારે હું સૂત્રપોરિસી અને અર્થપોરિસીમાં તત્પર થઇ, સમસ્ત જીતકલ્પવડે યુક્ત થઇ તથા ઉદ્યુક્ત વિહારવાળો થઇ માસકલ્પવડે વિહાર કરીશ ? (૧૮)

ક્યારે હું અન્યના અવર્ણવાદ બોલવાથી રહિત (મુક્ત) થઇ, શત્રુ અને મિત્ર વિગેરે સર્વ પ્રાણીઓને વિષે સમાન ચિત્તવાળો થઇ તથા વિકથાથી રહિત થઇ સ્વાધ્યાયમાં તત્પર થઇશ ? (૧૯)

[૧]સુવર્ણ જેવા ઉજ્વળ ગુણો જેમાં વિલાસ પામે છે એવા, [૨]જેમાં કામદેવનો નાશ છે એવા, જેમાં સ્ફુરાયમાન [૩]કરુણા (દયા) રહેલી છે એવા તથા જે [૪]મદને દમન કરનાર છે એવા ધર્મરૂપ વનમાં હું ક્યારે વિચરીશ ? (૨૦)

નિર્મળ, શોકરહિત, રાગરહિત સારા મનના વશથી હર્ષ ઉપજાવનારા, રમણીય અને સમ્યક્ત્વને પ્રગટ કરનાર એવા ધર્મારામને વિષે હું ક્યારે રમીશ—ક્રીડા કરીશ ? (ઉદ્યા-

---

૧ જેમાં અર્જુન વૃક્ષના ગુણો રહેલા છે. ૨ જેમાં પુષ્પવાળા બાણ અને આસનવૃક્ષ છે. ૩ તે નામના વૃક્ષોવાળા ૪ મદ અને દમન વૃક્ષવાળા.

નના પક્ષમાં એવો અર્થ કરવો—નિર્મળ અશોકવૃક્ષવાળા, પરાગ અને પુષ્પોના વશથી હર્ષ ઉપજાવનારા, રમણીય અને સુંદરતા પ્રગટ કરનારા ઉદ્યાનમાં હું કયારે ક્રીડા કરીશ ? ) (૨૧)

કયારે હું ભય ઉપજાવનાર ભૈરવ શબ્દથી નિષ્કંપ થઈ શ્મશાન વિગેરે ભૂમિમાં કાયોત્સર્ગ ગ્રહણ કરી તપવડે દુર્બળ શરીરવાળો થઈ ઉત્તમ ચરિત્રનું આચરણ કરીશ ? (૨૨)

કયારે હું નવ પૂર્વનો અભ્યાસ કરી તપ, શ્રુત અને સત્ત્વ વિગેરે ભાવનાવડે યુક્ત થઈ મુનિરાજની બાર પ્રતિમાની પ્રતિપત્તિ( સ્વીકાર )ને ધારણ કરી મોક્ષપદને સાધીશ ? (૨૩)

કયારે હું હાસ્ય અને દ્વેષાદિક ભેદવડે જુદા જુદા દેવતાદિક ચારના[1] કરેલા ઉગ્ર ઉપસર્ગોના સમૂહને સ્થિર ચિત્તવાળો થઇને સહન કરીશ ? (૨૪)

કયારે હું પ્રાણનો નાશ કરવામાં તત્પર થયેલા એવા પણ અન્ય જીવોને વિષે પરમાર્થનો વિચાર કરીને કરુણાના ભારવડે મંદ ( નીચી ) થયેલી દૃષ્ટિનો વ્યાપાર કરીશ ? (૨૫)

કલ્પ્ય અને અકલ્પ્યના પરિચયવાળો, સ્થવિરકલ્પને અંગીકાર કરી વિકલ્પ રહિત ( નિશ્ચળ ) મનવાળો થઈ કયારે હું જિનકલ્પને તથા પ્રતિમાકલ્પને અંગીકાર કરીશ ? (૨૬)

કયારે હું વાયુની જેમ અપ્રતિબદ્ધ ( સ્ખલના રહિત )

---

૧ દેવ, મનુષ્ય ને તિર્યંચથી થયેલા તથા પોતાથી ઉદ્ભવેલા.

વિહારવાળો, કાચબાની જેમ ગુપ્ત ઇંદ્રિયવાળો, ચંદ્રની જેમ શીતલેશ્યાવાળો, સૂર્યની જેમ દેદીપ્યમાન તપરૂપી તેજવાળો, આકાશની જેમ ઉપલેપ રહિત, સમુદ્રની જેવો ગંભીર, વાંસલા અને ચંદનને વિષે સમાન ચિત્તવાળો અને ભારંડ પક્ષીની જેવો પ્રમાદ રહિત થઇશ. (૨૭-૨૮)

દેદીપ્યમાન સંવેગના રંગવાળા હે ભવ્ય! તું અનુપમ મુનિજનોના ગુણના અનુરાગવડે નિરંતર આ ચારિત્રના મનોરથની માળાને ભાવ્ય-વિચાર. (૨૯)

આ પ્રમાણે ભાવનાવાળા ભવ્ય પ્રાણીઓ ચારિત્રરૂપી ધનના સ્વામીરૂપ મુનીશ્વરપણાને પામીને શીઘ્રપણે મોક્ષપદને પામે છે. (૩૦)

ઇતિ ચારિત્રમનોરથમાળા
સાર્થ સમાપ્ત

# ઉ૦ યશોવિજયજી કૃત પદ

ધર્મ કે વિલાસવાસ, જ્ઞાન કે મહા પ્રકાસ,
દાસ ભગવંત કે, ઉદાસ ભાવ લગે હે;
સમતા નદી તરંગ, અંગ હી ઉપંગ ચંગ,
મજ્જન પ્રસંગ રંગ, અંગ ઝમગગે હે. ધર્મ૦ ૧

કર્મ કે સંગ્રામ ઘોર, લરે મહામોહ ચોર,
જોર તાકો તોરવેકું સાવધાન જગે હે;
સીલકો ધરી સનાહ, ધનુખ મહા ઉત્સાહ,
જ્ઞાનબાન કે પ્રવાહ, સબ વેરી ભગે હે. ધર્મ૦ ૨

આયો હે પ્રથમ સેન, કામકો ગયો હે રેન,
હરિ હર બ્રહ્મ જીણે, અકલેને ઠગે હે;
ક્રોધ માન માયા લોભ, સુભટ મહા અખોભ,
હારે સોય છોડ થોભ, મુખ દેઇ ભગે હે. ધર્મ૦ ૩

નોકસાય ભયે ખીણ, પાપકો પ્રતાપ હીન,
ઓર ભટ ભયે દીન, તાકે પગ ઠગે હે;
કોઉ નહીં રહે ઠાઢે, કર્મ જો મિલે તે ગાઢે,
ચરણ કે જિહા કાઢે, કરવાલ નગે હે. ધર્મ૦ ૪

જગત્રય ભયો પ્રતાપ, તપત અધિક તાપ,
તાતે નાંહી રહી આપ અરિ તગતગે હે;
**સુજસ** નિસાન સાજ, વિજય વધાયી લાજ,
એસે મુનિરાજ તાકું, હમ પાય લગે હે. ધર્મ૦ ૫

दर्शन ज्ञान चारित्र

ज्ञानक्रियाभ्यां मोक्षः

सि आ उ सा अ

सम्यग्ज्ञानं परम निधानं

श्री जैनधर्म प्रसारक सभा.